CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : 33 ● અંક : ૨૯૫
તા.૦૨-૧૧-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૩ સૂર્યાસ્ત : ૦૬:૦૫

તાપમાન: ડીસા ૩૬.૬, અમદાવાદ ૩૬.૫, ગાંધીનગર ૩૭.૦, વડોદરા ૩૫.૪, સુરત ૩૫.૮, નલિયા ૩૬.૭

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# મોદીનું ગુજરાત મોડેલ સંપૂર્ણ ફલોપ : રાહુલ

## વિચાર વૈભવ...

એક ટાલિયો હેર- કટિંગ સલૂનમાં જઈ ચડ્યો. એને જોઈને હજામ વિચારમાં પડી ગયો. આ ટાલિયો અહીં શું કામ આવ્યો હશે? હજામ એને કાંઈ પૂછે એ પહેલાં ટાલિયો ખુરશી પર બેસી ગયો. હજામે એના માથા પર રહેલા વાળ ગણ્યા. બધું મળીને ચાર વાળ હતા.

'આ વાળને મારે ગણવાના છે કે કાપવાના છે? હજામે ટાલિયાને પૂછ્યું.

'ગણવાના પણ નથી અને કાપવાના પણ નથી'

'તો?'

'ડાઈ કરવાની છે' ટાલિયાએ જવાબ આપ્યો.

*****

વાંદરા માટે એમ કહેવાય છે કે એ ગમે તેટલો ઘરડો થાય છે તો ય ગુલાટ મારવાનું ભૂલતો નથી. વાસનાલંપટ માણસ માટે અતિશયોક્તિ વિના કહી શકાય કે એ વાંદરા જેવો જ હોય છે. આંખે એને ઝાંખપ આવે છે, કાને એને બહેરાશ આવે છે, જીભ એની થોથવાય છે, પગ એના લડથડવા લાગે છે ત્યારે પણ એનું ચિત્ત વિજાતીય શરીરના સ્પર્શ માટે ઝાંવા નાખતું હોય છે. વૃક્ષને ક્યારેક તો પાનખર આવે જ છે, સૂર્ય માટે એક સમયે તો અસ્તાચલ આવે જ છે. પુષ્પ ક્યારેક તો કરમાય છે પણ વાસનાલંપટ માટે તો ક્યારેક વાસનાની પાનખર, વાસનાનો સૂર્યાસ્ત કે વાસનાનું કરમાવાનું આવતું જ નથી.

રે કરુણતા!

શ્રીમદ્ વિજય રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ

## સાર સમાચાર...

### હિમાચલ પ્રદેશમાં અમિત શાહે રાહુલ ગાંધી પાસે ત્રણ પેઢીનો હિસાબ માંગ્યો

હમીરપુર

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચુંટ ણીને ધ્યાનમાં રાખી ચુંટણી સભાઓને સંબોધન કરી હતી અને કોંગ્રેસ અને રાજયના મુખ્યમંત્રી વીરભદ્ર સિંહની ટીકા કરી હતી. આ પ્રસંગે ભાજપના અગ્રણીઓ હાજર રહ્યાં હતાં. હિમાચલ પ્રદેશના હમીરપુરમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કહ્યું હતું કે કોંગ્રેસી મદી વિજય રથને યાદ કરી લે. હવે હિમાચલ પ્રદેશમાં પણ ભાજપની સરકાર બનવા જઇ રહી છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે રાહુલ ગાંધી પોતાની ત્રણ પેઢીનો હિસાબ આપે કે આટલા વર્ષ કોંગ્રેસે શું કર્યું છે. ત્યારબાદ ભાજપથી હિસાબ માંગે. રાહુલ બાબાને ભાજપથી હિસાબ માંગવાનો અધિકાર નથી શાહે વધુમાં કહ્યું કે કોંગ્રેસે ૧૨ લાખ કરોડનું કૌભાંડ કર્યું છે. હિમાચલ પ્રદેશમાં પૂર્ણ બહુમતિની સરકાર બનાવી દો અને મોદી એન્જીનની સાથે ધુમલના એન્જીનને જોડી દો. તેમણે જનતાને પ્રદેશમાં ધુમલ સરકાર બનાવવાની ગેરંટી માંગી હતી તેમણે કહ્યું કે તીન ચતુર્થાસ બહુમતિ વાળી ૨૦ વર્ષ માટે હિમાચલમાં સરકાર બનાવે વીરભદ્ર સિંહનો ભ્રષ્ટાચારનો રેકોર્ડ છે.

## દક્ષિણ ગુજરાતમાં પ્રચાર દરમિયાન મોદી પર ચાબખા : ગુજરાતમાં અંડરકરંટનો માહોલ છે, જેનો કરંટ ચૂંટણીમાં ભાજપને લાગવાનો છે





અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈ દક્ષિણ ગુજરાતના પોતાના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે જંબુસર સહિતના સ્થળોએ યોજેલી જાહેરસભામાં ફરી એકવાર મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટીએ લોકોને બરબાદ કરી નાંખ્યા છે અને સમગ્ર દેશની અર્થવ્યવસ્થા નષ્ટ કરી નાંખી છે. રાહુલે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીની સેફટીથી ચીનમાં લોકોને રોજગારી મળી રહી છે. રાહુલે વર્લ્ડ બેંકની રેંકિંગમાં ભારતની સ્થિતિમાં આવેલા ઉછાળા પર ખુશખુશાલ રહેલી કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર ક્યા હતા. રાહુલે મેક ઈન ઈન્ડિયા ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, આનાથી દેશના યુવાનોને વધારે રોજગાર મળી રહ્યા નથી. વિજય માલ્યા જેવા ડિફોલ્ટરો વિદેશમાં મોજ કરે છે અને અહીં ખેડૂતો, મજૂરો, નાના દુકાનદારો, વેપારીઓ, મધ્યમવર્ગ નોટબંધી અને જીએસટીનો માર સહન કરી રહ્યા છે. મોદીનું ગુજરાત મોડેલ તમામ રીતે ફેલ ગયુ છે અને ગુજરાતમાં અંડરકરંટનો માહોલ છવાયેલો છે, જે કરંટ ચૂંટણી વખતે ભાજપને લાગવાનો છે. રાહુલ ગાંધીએ તેમના પ્રવચનમાં બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય સહિતના મુદ્દાઓને લઈને પણ મોદી અને ભાજપ સરકાર પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, મોદીજીએ યુવાનોને રોજગારી આપવાની મોટી મોટી વાતો કરી હતી, આપણી સીધી સ્પર્ધા ચીન સાથે છે.

### વડાપ્રધાનના કાર્યક્રમને લઈ જોરદાર તૈયારીઓ

## મોદી આજે અક્ષરધામના સિલ્વર જ્યુબિલી કાર્યક્રમમાં હાજરી આપશે

### અક્ષરધામ મંદિર આસપાસના વિસ્તાર સલામતી છાવણીમાં ફેરવાયો

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક પ્રકારની અપેક્ષા અને ઉત્સુકતા વચ્ચે આવતીકાલે પાટનગર ગાંધીનગર અક્ષરધામ મંદિરનમા સિલ્વર જ્યુબિલી કાર્યક્રમમાં હાજરી આપવા માટે પહોંચી રહ્યા છે. તેમના કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. અક્ષરધામ મંદિર ખાતે સિલ્વર જ્યુબિલી કાર્યક્રમને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. મોદીના કાર્યક્રમને લઈને અક્ષરધામ મંદિરના આસ પાસના વિસ્તારને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. મોદી સાંજે ૫ વાગ્યાની આસપાસ અમદાવાદ પહોંચશે. ત્યારબાદ રાજભવન પહોંચ્યા બાદ સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ અક્ષરધામના કાર્યક્રમમાં હાજરી આપશે.

તેઓ મંદિરમાં ભગવાન સ્વામિનારાયણના દર્શન કરશે અને લાઈટ એન્ડ સાઉન્ડ શોને નિહાળશે. મોડે સુધી ચાલનાર આ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેઓ પરત ફરશે. મંદિરને જોરદારરીતે શણગારવામાં આવ્યું છે. રાહુલ ગાંધી પહેલાથી ગુજરાતની યાત્રાએ છે ત્યારે બે ટોપ નેતા એક સાથે ચૂંટણીવાળા રાજ્યોમાં ભેગા થઈ રહ્યા છે. બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોત્તમ સ્વામી નારાયણ સંસ્થા (બીએપીએસ) દ્વારા મોદીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે એપ્રિલ મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રમુખ સ્વામી મહારાજના અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા.

### કલંકિતોના ચુંટણી લડવા ઉપર આજીવન પ્રતિબંધની માંગ

## કલંકિત નેતાઓની સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટ બનાવવાનો આદેશ

### ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં માંગ કરવામાં આવી : મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ કોર્ટમાં સુનાવણીની સ્પષ્ટ વાત કરી

નવી દિલ્હી

દેશની સૌથી મોટી કોર્ટમાં ચૂંટણી પંચે હવે કલંકિત નેતાઓની સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટ બનાવવાની માંગ કરવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે આને લઈને સહમતી દર્શાવી છે. સર્વોચ્ચ અદાલતમાં ચૂંટણી પંચે કલંકિત નેતાઓમાં સાંસદો અને ધારાસભ્યોની ચૂંટણી લડવા ઉપર આજીવન પ્રતિબંધ મુકવાની તરફેણ કરી છે. ચૂંટણીપંચે આજે એક અરજી દાખલ કરી હતી. જેના ઉપર સુનાવણી દરમિયાન પોતાના જવાબમાં ચૂંટણી પંચે કહ્યું હતું કે, સજા હેઠળના સાંસદો અને ધારાસભ્યોને ચૂંટણી લડવાની મંજુરી મળવી જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે પણ આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્પેશિયલ કોર્ટમાં આ કેસોની સુનાવણીની વાત કરી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કલંકિત નેતાઓની કેસની સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટ બનાવવાની જરૂર છે. આમા કેટલો સમય લાગશે અને કેટલા નાણાની જરૂર પડશે તે છ સપ્તાહની અંદર દર્શાવવા માટે પણ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. પહેલા કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, અમે સ્પેશિયલ કોર્ટ માટે તૈયાર છીએ પરંતુ આ રાજ્યોનો મામલો છે. આના પર કોર્ટે કહ્યું હતું કે, સેન્ટ્રલ સ્કીમ હેઠળ સ્પેશિયલ કોર્ટ બનાવવા માટે ફંડની રકમ કેટલી લાગશે તે અંગે જવાબ આપવાની જરૂર છે. મામલાની સુનાવણી કરતી વેળા કોર્ટે અરજીદારોને પણ ફટકાર લગાવી હતી. સુપ્રીમે કહ્યું હતું કે, સ્પેશિયલ કોર્ટમાં ઝડપથી ટ્રાયલ ચાલશે. કેન્દ્રને કેટલો ખર્ચ થશે તે અંગે માહિતી આપવા માટે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. કેટલો ખર્ચ થશે તે અંગે માહિતી મળ્યા બાદ અને ખાસ અદાલત બનવાને લઈને ચિત્ર સ્પષ્ટ થયા પછી જજની નિમણૂંક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કઈ રીતે બનશે તે અંગે કોર્ટ ધ્યાન આપશે.

## ૨૦૦ સુધારાથી ભારતને ટોપ ૫૦માં સામેલ કરાશે

મુંબઈ

કારોબાર કરવાની દ્રષ્ટિએ સરળ દેશોની યાદીમાં ભારતને ૩૦ સ્થાનનો સુધારો કરીને આગળ લાવવામાં આવ્યા બાદ હવે ૨૦૦ સુધારા મારફતે ભારતને ટોપ ૫૦ દેશોમાં લાવવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.મળેલી માહિતી મુજબ મોદી સરકાર હવે ટોપ ૫૦ની તૈયારીમાં લાગી ગઈ છે. મંગળવારના દિવસે વર્લ્ડ બેંક તરફથી જારી કરવામાં આવેલા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેંકિંગમાં ભારતને ૧૦૦માં સ્થાને લાવવામાં સફળતા મળવાની વાત કરવામાં આવ્યા બાદ મોદી સરકાર હવે ભારતને ટોપ ૫૦ દેશોમાં લાવવાની યોજના ધરાવે છે. ભારત ગયા વર્ષે ૧૩૦માં સ્થાન ઉપર હતું. હવે ૧૦૦માં સ્થાને છે.

### સામાન્ય લોકોના ખિસ્સા ઉપર વધુ બોજ

## સબસિડીવાળા સિલિન્ડરની કિંમતમાં ૪.૫૦નો વધારો

### આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઈ નિર્ણય થયો : બિન સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૯૩નો વધારો

નવીદિલ્હી

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર વધુ બોજ ઝીંકાઈ ગયો છે. કારણ કે, તેલ કંપનીઓએ આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઈને સિલિન્ડર ગેસની કિંમત ૯૩ રૂપિયા સુધીનો વધારો કરી દીધો છે. સબસિડીવાળા ગેસ સિલિન્ડર ની કિંમતમાં ૪.૫૦ રૂપિયા સુધીનો વધારો થઈ ગયો છે. સ્થાનિક રાંધણગેસના સબસિડી વાળા ગેસ સિલિ ન્ડરની કિંમત હવે ૪૯૫.૬૯ રૂપિયા થશે. જુલાઈ ૨૦૧૬માં સરકારે દર મહિને કિંમત વધારીને ગેસ સિલિન્ડર પર સબસિડીને ખતમ કરવાના નિર્ણય બાદ આ સિલિન્ડરની કિંમતમાં ૧૯મી વખત વધારો થયો છે. જાહેર ક્ષેત્રની પેટ્રોલિ યમ કંપનીઓના જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, એટીએફની કિંમતમાં પણ બે ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ઓગસ્ટ મહિના બાદથી હજુ સુધી તેની કિંમતમાં ચોથી વખત વધારો કરાયો છે. સબસિડી વગરના ગેસ સિલિન્ડરની કિંમતમાં ૯૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે જેથી તેની કિંમત ૭૪૨ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. આ અગાઉ પહેલી ઓક્ટોબરના દિવસે તેની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો જેથી તેની કિંમત વધીને ૬૪૯ રૂપિયા થઈ હતી. અત્રે નોધનીય છે કે, ગયા વર્ષે સરકારે જાહેર ક્ષેત્રોની પેટ્રોલિયમ કંપનીઓને દર મહિને કિંમત વધારવા માટે કહ્યું હતું જેથી આગામી વર્ષે માર્ચ સુધીમાં સબસિડીને ખતમ કરી શકાય. આ નીતિને અમલી કરવામાં આવ્યા બાદથી હજુ સુધી એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૭૬.૫૧ રૂપિયાનો વધારો કરવામાં આવી ચુક્યો છે. જૂન ૨૦૧૬માં આની કિંમત ૪૧૯.૧૮ રૂપિયા પ્રતિ સિલિન્ડર હતી.

### એહમદ પટેલના ભાજપ પર સણસણતા ચાબખા

## કોંગ્રેસે રાષ્ટ્રવાદ ભાજપ પાસે શીખવાની જરૂર નથી

અમદાવાદ

ભરૂચની હોસ્પિટલનો પૂર્વ કર્મચારી આંતકવાદી તરીકે પકડાતાં ભાજપ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય દિગ્ગજ નેતા એહમદ પટેલ પર કરેલા ગંભીર આક્ષેપોનો આજે એહમદ પટેલે જોરદાર જવાબ આપ્યો હતો. ભાજપ પર સણસણતા ચાબખા વરસા વતાં એહમદ પટેલે જણાવ્યું હતું કે, જો વાત માત્ર હોસ્પિટલની જ હોય તો, આ હોસ્પિટલનું ઉદ્ઘાટન નરેન્દ્ર મોદીએ કર્યું હતું, તો તેમની સામે કેમ આક્ષેપો નથી થતાં. વળી, રાષ્ટ્રવાદ એ ભાજપ પાસેથી શીખવાની કોંગ્રેસે જરૂર નથી. કોંગ્રેસના લોહીમાં રાષ્ટ્રવાદની ભાવના કેળવાયેલી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે મેં ૨૦૧૫માં જ રાજીનામું આપી દીધુ હતું તો ય મારી પર ભાજપે ગંભીર આક્ષેપો કરી ગંદા રાજકારણને રંગ આપ્યો પરંતુ તો આ હોસ્પિટલનું ઉદ્ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જે તે વખતે કર્યું હતું તો કેમ ભાજપ આ મુદ્દે મૌન સેવીને બેઠી છે. આંતકવાદી પ્રવૃત્તિઓ સાથે કોંગ્રેસ પક્ષને કોઈ લેવાદેવા નથી કારણ કે, કોંગ્રેસના લોહીમાં અને નસેનસમાં રાષ્ટ્રવાદ અને દેશપ્રેમ છે. તેથી કોંગ્રેસે ભાજપ પાસેથી રાષ્ટ્રવાદ શીખવાની કોઈ જરૂર નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે ગંદા રાજકારણ અને ગુજરાતની જનતાને ગુમરાહ કરવાની ભાજપની નીતિની પણ એહમદ પટેલે ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે, આ વખતની વિધાન સભા ચૂંટણીમાં ગુજરાતની જનતા ભાજપને જવાબ આપશે અને આ વખતે કોંગ્રેસ ૧૨૫ પ્લસ બેઠકો સાથે વિજયી બનશે.

## હાર્દિકનું પાટીદાર આંદોલન પ્રાઈવેટ : વિશ્વ ઉમિયા સંસ્થા

### સરકારે પાટીદારોની માંગો સ્વીકારી છે, ત્યારે અનામત આંદોલન પૂર્ણ થવું જોઈએ : પાટીદાર સંસ્થાઓ

અમદાવાદ

ગુજરાતના રાજ-કારણમાં એક મહત્વના ઘટનાક્રમમાં આજે પાટીદાર સમાજની છ વિવિધ સંસ્થાઓના વડીલ આગેવાનોએ એક મંચ પર જાહેરમાં આવી પાસના નેતા હાર્દિક પટેલ આણિમંડળીનો ખુલ્લો વિરોધ કર્યો હતો અને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, પાટ-ીદાર અનામત આંદોલન હવે પ્રાઈવેટ અનામત આંદોલન બની ગયું છે. પાટીદાર વડીલ આગેવાનોએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, તાજેતરમાં ગુ-જરાત સરકારે જયારે પાટીદાર સમાજની મહત્વની ચાર માંગણીઓ સ્વીકારી લીધી છે, ત્યારે એ જ માંગણીઓની નકલ કરી કોંગ્રેસ સાથેની બેઠક એ રાજકીય રોટલો શેકવાનું સેટીંગ છે, પાટીદાર સમાજ આ પ્રકારની પ્રવૃત્તિના સમર્થનમાં નથી. સરકારે જે પ્રકારે સમાજની માંગણીઓ સંતોષી લીધી છે તે જોતાં હવે પાટીદાર અનામત આંદોલન પૂર્ણ કરવું જોઈએ અને સમાજના હિતમાં આગળ વધવુ જોઈએ. અલબત્ત, અનામતની માંગણી તેના સ્થાને યથાવત્ છે પરંતુ તેમાં કાયદાકીય અને બંધાર ણીય પ્રશ્ન આવતો હોઈ સરકાર તેના સુખદ ઉકેલ માટે સતત પ્રયત્નશીલ છે.

પાટીદાર સમાજની ઉમિયા માતાજી સંસ્થાન,ઉંઝા, ખોડલધામ કાગ વડ, સરદારધામ, અમદા વાદ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, અમદાવાદ, સમસ્ત પાટીદાર સમાજ, સુરત અને ઉમિયા માતા સંસ્થાન, સિધ્ધસર એમ છ સંસ્થાઓના વડીલ પાટીદાર આગેવાનો આર.પી.પટેલ, સી.કે.પટેલ, વાડીભાઈ પટેલ, વાસુદેવભાઈ પટેલ, દિપક ભાઈ પટેલ અને સાકળચંદ સી.પટેલ સહિતના સંખ્યાબંધ આગેવાનો આજે એક મંચ પર જાહેરમાં આવ્યા હતા અને બધાએ એકસૂરે પત્રકાર પરિષદમાં જાહેર કર્યું હતું કે, પાટીદાર સમાજની પાટીદાર આયોગની રચના, પાટીદાર અનામત આંદોલન દરમ્યાન થયેલા તમામ કેસો પરત ખેંચવા, પોલીસ અત્યાચાર કરનાર કસૂરવાર અધિકારીઓ સામે નિવૃત્ત હાઈકોર્ટ જજના વડપણ હેઠળ તપાસ પંચની રચના અને આંદોલન દરમ્યાન શહીદ થયેલા પાટ-ીદાર જવાનોના પરિવારોને વળતર સહિતની માંગણીઓ રાજય સરકારે સ્વીકારી લીધી છે.

### સૌથી ઊંચા ૨૮ ટકા રેટવાળા સ્લેબમાં ફેરવિચારણા થઈ શકે

## સામાન્યરીતે ઉપયોગમાં આવતી ચીજો પર જીએસટી રેટ ઘટશે

### જીએસટી રેટ ઘટાડવાથી કિંમતોમાં ઘટાડો થશે : નાના કારોબારીઓને હાલ થતી તકલીફોમાંથી બહાર કાઢવાનો ઉદ્દેશ્ય : ૯-૧૦મીએ કાઉન્સિલની બેઠક

નવી દિલ્હી

ઐતિહાસિક આર્થિક સુધારા જીએસટીને લઈને કેટલાક વર્ગોમાં નારાજગી પ્રવર્તી રહી છે. આ નારાજગીની નોધ લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે વધુ કેટલીક રાહત સામાન્ય લોકોને આપવા વિચારી રહી છે. મળેલી માહિતી મુજબ દરરોજ ઉપયોગમાં લેવામાં આવતી ચીજવસ્તુઓપર જીએસટીને ઘટાડી દેવા માટે સક્રિય રીતે વિચારણા ચાલી રહી છે. જીએસટી હેઠળ સૌથી ઉંચા ૨૮ ટકાના રેટવાળા સ્લેબ પર નવેસરથી વિચારણા કરવામાં આવી શકે છે. આ ઉપરાંત સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવતી ચીજવસ્તુઓ પર ટેક્સ રેટમાં ઘટાડો કરવા પર વિચારણા કરવામાં આવી શકે છે. સરકારની અંદર રહેલા કેટલાક લોકો આ દિશામાં પગલા લેવા માટે સરકારને કહી રહ્યા છે. જો આ દિશામાં પગલા લેવામાં આવશે તો કેટલીક ચીજવસ્તુઓની કિંમતમનાં વધુ ઘટાડો થશે અને સામાન્ય લોકોને તીવ્ર મોંઘવારીથી રાહત મળશે. હાલમાં ઉંચા જીએસટી રેટના કારણે કેટલીક ચીજવસ્તુઓના ભાવ વધેલા છે. આના કારણે તેમની માંગ વધી શકે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશને ઉદ્યોગ અને ખાસ કરીને નાના કારોબારીઓને મોટી રાહત આપવા વિચારણા ચાલી રહી છે. નાના કારોબારીઓને રોજગારીની વધારે તક આપનાર તરીકે ગણવામાં આવેછે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ૨૮ ટકાના સૌથી ઉંચા ટેક્સ સ્લેબ પર નવેસરથી વિચારણા કરવામાં આવી શકે છે.

CMYK

**સૂર્યોદય - ૬.૪૩ સૂર્યાસ્ત - ૬.૦૫**

## તિથિદર્શન

કારતક સુદ-૧૩ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :તેરસ ગુરૂવાર નક્ષત્ર:ઉત્તર ભાદ્રપદ સવારે ૬.૫૬ પછી રેવતી યોગ : હર્ષણ કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

**પોતો દુરસ્ત વારિ રાશિ તરણે**
**દીપોન્ધકારાગમે નિર્વાતે વ્યંજનં**
**મદાન્ધકરાં દર્પોપશાન્તૈ સૃણિઃ**
**ઈત્યં તદ ભુવિ નાસ્તિ યસ્ય વિધિના**
**નોપાયચિતા કૃતા મન્યે દુર્જન**
**ચિત્તવૃત્તિ હરણે ધાતાપિ ભગ્નોધમઃ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'દુર્જન નિંદા'નો આ શ્લોક છેઃ ૨ આ શ્લોકમાં વિશ્વમાં જે જે સંકટ- મુશ્કેલી- આપત્તિ- દુઃખો છે તેના બ્રહ્માજીએ બધાના ઉપાય- ઈલાજ પણ બતાવ્યા છે, જેમ કે-

દુરસ્ત વિશાળ- ઊંડાણવાળા સમુદ્રને તરવા માટે નાવ- નૌકા બનાવી છે.

અંધકાર દૂર કરવા માટે દીવાનો પ્રકાશ બનાવ્યો છે. જો હવા- પવન ન હોય, ગરમી થાય એને માટે પંખા- વિંઝણા બનાવ્યા છે.

હાથી જેવા વિશાળ- કદાવર મદોન્મત્ત પ્રાણીને કાબૂમાં રાખવા 'અંકુશ' બનાવ્યું છે.

આમ, જ્યાં જ્યાં જેટલાં સંકટ છે તેના નિકાલ- ઉપાય માટે બ્રહ્માએ સાધન- ઉપચાર પણ વિચારને બનાવ્યાં - મૂક્યાં છે.

પણ શ્લોકના રચયિતા કવિ કહે છે કે, દુષ્ટ- દુર્જનની હૃદયની વૃત્તિઓ- તેના વિચાર અને તેના પ્રયોજન સમજવા અને તેને દૂર કરવા માટેનો કોઈ ઉપાય બ્રહ્માને પણ મળ્યો નથી. એટલે બ્રહ્મા એની વૃત્તિ સામે રક્ષણ મેળવવાનો ઈલાજ શોધવામાં નિષ્ફળ ગયા છે.

## આપની આજ

**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.)ભાગીદાર વર્ગ સાથે ઘર્ષણ થવાની સંભાવના છે. મનનું ધાર્યું થાય નહીં.**
**વૃષભ : (બ.વ.ઉ.)માનસિક અશાંતિ અનુભવાય. મનની મુરાદ બર ન આવે.**
**મિથુન : (ક.છ.ઘ.)ગૃહવિવાદ થવાના યોગ છે. આર્થિક સમસ્યા હળવી બને.**
**કર્ક : (ડ.હ.) )લાભની તક સાંપડે. નોકરી- ધંધાને લગતા કાર્યો સફળ બને.**
**સિંહ : (મ.ટ.) વિઘ્નમાંથી માર્ગ મળે. કાર્ય સફળ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક તનાવ અનુભવાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**
**તુલા : (ર.ત.) વ્યવસાયિક કાર્યોમાં રૂકાવટ આવે. ધીરજની કસોટી થાય.**
**વૃશ્ચિક :(ન.ય.)લાભની તક સાંપડે. માનસિક આનંદમાં દિવસ વ્યતિત થાય.**
**ધન : (ભ.ફ.ધ.)અંગત મુંઝવણ સતાવે. પડવા- વાગવાથી સંભાળવું.**
**મકર : (ખ.જ.)ચંચળતાસભર દિવસ વિતે. આર્થિક લાભની તક સાંપડે.**
**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથી સાથે ઘર્ષણ થાય. આવકમાં વધારો થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.**

## આજનો દિન મહાન

**- યશવંત કડીકર**

સવાઈ ગુજરાતનું સાર્થ બિરૂદ પામેલા જાણીતા સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરની જન્મ જયંતી છે. જન્મ.૧-૧૨-૧૮૮૫. એમનો જન્મ આજથી ૧૦૧ વર્ષ પૂર્વે આજની તારીખે મહારાષ્ટ્રના સતારા તાલુકાના શાહપુર (બેલગામ)માં થયો હતો. ૧૯૧૭માં સાબરમતી આશ્રમમાં એ ગાંધીજીના અંતેવાસી થયા. એ પહેલા ક્રન્તિકારી થવાની એમની મનીષા હતી. ગુજરાત વિદ્યાપીઠમાં એમણે વર્ષો સુધી અધ્યાપન-કાર્ય કર્યું હતું. કાકાસાહેબે 'હિમાલયનો પ્રવાસ','ઓતરાતી દીવાલો', ' સ્મરણયાત્રા', 'લોકમાતા', 'જીવનનો આનંદ','જીવનની સંસ્કૃતિ', 'જીવનભારતી', 'ધર્મોદય',' ઉગમણો દેશ','રખડવાનો આનંદ' વગેરે અનેક વિશિષ્ટ ગ્રંથો આપ્યા છે. એમનું તા.૨૧-૮-૧૯૮૧ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશયથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# જનક ઠક્કર યુવા પ્રતિભા એવોર્ડથી સન્માનીત



ડીસા

વિશ્વ લોહાણા મહાપરિષદ દ્વારા સિધ્ધપુર ગામ ખાતે રમેશભાઈ ઓઝા ઉર્ફે ભાઈશ્રીના દ્વારા ભાગવતકથાનું સુંદર આયોજન કરેલ. તેમા લોહાણા મહાપરિષદ દ્વારા રઘુવંશી યુવા સંમેલનનું પણ આયોજન કરેલ. જેમાં લોહાણા સમાજનું ગૌરવ એવા 'જનક જશવંતભાઈ ઠક્કર' ને 'યુવા પ્રતિભા' એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. જનક ઠક્કર આટલી નાની વયમાં ઘણીબધી સામાજિક અને સેવાકીય પ્રવૃતિઓ કરેલ છે. તેઓ એક પ્રતિભાશાળી યુવા અભિનેતા પણ છે. તેમણે તેમની તાજેતરની સીરીયલ 'સુરી' દ્વારા પણ તેઓએ 'સ્ત્રી શિક્ષણ' નો સંદેશ ટીવીના માધ્યમથી સમાજને પહોચાડ્યો છે. તેઓ ભાજપમાં પણ સક્રીય જોડાયેલ છે. આમ જનક ઠક્કર બહુમુખી પ્રતિભા ધરાવે છે. તે સમગ્ર લોહાણા સમાજ તેમજ ગાંધીનગર શહેરમાં માટે પણ ગૌરવ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું 'સ્વચ્છ ભારત' નું જે સ્પપ્ન છે. તેમાં તેઓ ડીસા તેમજ ગાંધીનગર મહાનગર પાલિકાના સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એસ્બેએડરની જવાબદારી નિભાવીને કડીરૂપ કામ કરી રહ્યા છે.

# જયપુર : ટ્રાંસફોર્મરમાં વિસ્ફોટ : ૧૪ લોકોના મોત,૨૨ને ઇજા

(હિં.સ.) જયપુર

રાજસ્થાનના જયપુરમાં ટ્રાંસફોર્મર ફાટવાથી એક જ ગામના ૧૪ લોકો માર્યા ગયા છે જયારે સાતને ઈજા થઈ છે. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના શાહપુરા કસ્બાના ખાટુલઇ ગામમાં બની હતી. રાજયના ઉર્જા મંત્રી પુષ્પેંદ્રસિંહે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.પુષ્પેંદ્રસિંહે કહ્યું કે અમે વિસ્ફોટના કારણોની તપાસ કરવા માટે એક સમિતિ બનાવી છે. સામાન્ય રીતે આવા વિસ્ફોટ થતા નછી.રાજસ્થાન સરકારે મૃતકોના પરિવારજનો માટે ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. જયારે સ્થાનિક સાંસદ અને કેન્દ્રીય મંત્રી રાજયવર્ધનસિંહ રાઠોડે ઘટના સ્થળે જઈને લોકોના હાલચાવ પુછયા હતાં. સુત્રોના જણાવ્યા અનુસાર વિસ્તારની એક જાન ટ્રાંસફોર્મરની પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે તેમાં જોરદાર વિસ્ફોટ થયો અને ઘટના સ્થળે આગ લાગી અને બાળકો અને મહિલાઓના કપડાએ તાકિદે આગ પકડી લીધી હતી. બુમા બુમ થતાં ઘટના સ્થળે ભારે ભીડ જમા થઈ ગઈ હતી. ત્યાંથી ઈજા પામેલાઓને બહાર કાઢવા માટે અધિકારીઓને ભારે મહેનત કરવી પડી હતી આ ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓ પહોંચી ગયા હતાં અને રાહત તથા બચાવની કામગીરી શરૂ કરી હતી. વિજળી અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલમાં કહી શકાય નહીં કે કયાં કારણોસર વિસ્ફોટ થયો છે.

મુખ્યમંત્રી વસુંધરારાજેએ આ ઘટના અંગે ઉડા શોકની લાગણી વ્યકત કરી છે અને તેમણે તે હોસ્પિટલનો પ્રવાસ કર્યો જયાં ઈજા પામેલાઓની સારવાર ચાલી રહી છે. બાદમાં મુખ્યમંત્રીએ એક ટ્વીટમાં કહ્યું જયપુરની નજીક શાહપુરામાં થયેલ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાથી દુખ પહોંચ્યું છે. ફીડબેક લીધું છે અને અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવાનો નિર્દેસ આપ્યો છે.

# હિમાચલ ચુંટણીમાં કોંગ્રેસ કિસાનોને વ્યાજ મુકત લોન, છાત્રાઓને લેપટોપ આપશે

(હિં.સ.) શિમલા

હિમાચલ પ્રદેશ ચુંટણી જીતવા માટે કોંગ્રેસે પોતાનો ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. રાજયમાં સત્તા યથાવત રાખવા માટે પાર્ટીએ અનેક લલચામણી વચનો આપ્યા છે. પાર્ટીએ જયાં કિસાનો પર નજર નાખતા વગર વ્યાજે દેવુ આપવાનું વચન આપ્યું છે. જયારે યુવા મતદારોને પણ લલચાવવા માટે જાહેરાત કરી છે કે દોઢ લાખ યુવાનોને રોજગાર અને મેધાવી છાત્ર છાત્રાઓને લેપટોપ આપવાની જાહેરાત કરી છે. કોંગ્રેસનો ચુંટણી ઢંઢેરો કોંગ્રેસ મુખ્ય કાર્યાલય ખાતે પ્રદેશ અધ્યક્ષ કૌલ સિંહ ઠાકુરે જારી કર્યો હતો.આ પ્રસંગે મુખ્યમંત્રી વીરભદ્રસિંહ અને કેન્દ્રીય મંત્રી સુશીલ કુમાર શિંદે હાજર રહ્યાં હતાં.

ચુંટણી ઢંઢેરો જારી કરતા રાજયના વર્તમાન મુખ્યમંત્રી અને પાર્ટીના સ્ટાર પ્રચારક વીરભદ્રસિંહે કહ્યું કે હિમાચલ પ્રદેશમાં બીજીવાર સત્તામાં વાપસી પર તેમની પાર્ટી નાના કિસાનોને એક લાખ રૂપિયા સુધી વગર વ્યાજે લોન આપશે.દરેક ગામને માર્ગથી જોડવામાં આવસે. પાર્ટીએ વચન આપ્યું છે કે દોઢ લાખ યુવાનોને રોજગારી આપવામાં આવશે એ યાદ રહે કે હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચુંટણીની જાહેરાતની સાથે આ ઠંડીની મૌસમમાં રાજનીતિક પારો ગરમ થઈ ગયો છે. સત્તારૂઢ કોંગ્રેસ અને વિરોધ પક્ષ ભાજપ તરફથી ચુંટણી પ્રચાર જોરો પર છે.

# યુવતીની જીદને કારણે રાહુલ ગાંધીને રોડ શો અટકાવવો પડયો

ભરૂચ

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાત વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આજે દક્ષિણ ગુજરાતમાં આવી પહોંચ્યા હતાં. આ દરમિયાન તેમણે જાહેરસભાઓ અને રોડ શો કર્યા હતાં. રાહુલ ગાંધીના રોડ શો ભારે પ્રતિસાદ મળ્યો હતો અને તેમની જાહેરસભામાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતાં. રાહુલ ગાંધીએ આજે જંબુસરમાં એક જાહેર સભાને સંબોધીને રોડ શોનું આયોજન કર્યું હતું. રાહુલ ગાંધીએ આ રોડ શોમાં અભિવાદ ઝીલ્યું હતું રોડ શો જેમ જેમ આગળ વધતી ગઈ હતી તેમ તેમ લોકો તેમાં જોડાતા રહ્યાં હતાં પરંતુ આ રોડ શોને એક યુવતીની જીદને કારણે થોડા સમય માટે અટકાવવો પડયો હતો. રાહુલ ગાંધીને મળવા માટે એક યુવતીએ જીદ પકડી હતી આથી રાહુલ ગાંધીએ રોડ શો અટકાવી દઈ તે યુવતીને પોતાના કાર પર બેસાડી હતી અને તેની સાથે વાતચીત કરી હતી અને યુવતીએ રાહુલ ગાંધી સાથે હાથ મિલાવ્યો હતો અને સેલ્ફી લીધી હતી. રાહુલ ગાંધીની મુલાકાત બાદ યુવતી જીપ પરથી નીચે ઉતરતી હતી ત્યારે રાહુલ ગાંધીએ તેનો હાથ પકડીને તે પડી જાય નહીં તે માટે કાળજી પુર્વક નીચે ઉતારી હતી.યુવતી એટલી ખુશ હતી કે તે રાહુલની મુલાકાત લઈ ઝુમી ઉઠી હતી અને પોતે જીત હાંસલ કરી હતી તેમ હાથની મુઠ્ઠીવાળી ઉચી કરતી નજરે પડી હતી. આ યુવતીએ રોડ શો દરમિયાન રાહુલને મળવાની જીદ પકડી હતી. તે રાહુલના કાફલાને ઓળંગતી રાહુલ ગાંધીની પાસે પહોંચી અને રાહુલની ખુલ્લી જીપ પર ચડીને રાહુલને શુભેચ્છાઓ પાઠવી હતી અને રાહુલથી બિલકુલ નજીક બેસીને તેમની સાથે સેલ્ફી ખેંચી૪ આ યુવતીને રાહુલે અને તેમના અંગ રક્ષકો દ્વારા ટેકો આપી જીપ પરથી નીચે ઉતારવામાં આવી હતી રાહુલે પણ તેનો હાથ પકડી તેને નીચે ઉતરવામાં મદદ કરી હતી ત્યારબાદ રાહુલનો રોડ શો આગળ વધી ગયો હતો.

### સેંસેક્સ ૩૩૬૦૦ની રેકોર્ડ ઉંચી સપાટીએ

# સેંસેક્સ વધુ ૩૮૭ પોઇન્ટ ઉછળી નવી ઉંચી સપાટીએ

મુંબઇ

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૩૮૭ પોઇન્ટ ઉછળીને ૩૩૬૦૦ની સપાટીએ રહ્યો હતો. જયારે નિફટી ૧૦૫ પોઇન્ટ ઉછળીને ૧૦૪૪૦ની ઉંચી સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં તીવ્ર તેજી માટે જુદા જુદા પરિબળો જવાબદાર દેખાઈ રહ્યા છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા વર્લ્ડ બેંકના રિપોર્ટને લઈને અહેવાલથી પણ બજારમાં તેજી જામી છે. વિશ્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટના આંકડા ગઈકાલે નાણામંત્રી અરુણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર મહિનાના ત્રિમાસિક ગાળાના પરિણામં ૪૬ કંપનીઓ જાહેર કરી રહી છે. બેંકોમાં ૨.૧૧ લાખ કરોડ રૂપિયા ઠાલવી દેવાના મોદી સરકારના નિર્ણય બાદ શેરબજારમાં ઉત્સાહ ચોક્કસપણે જોવા મળી રહ્યો છે પરંતુ ઉતારચઢાવની સ્થિતિ દેખાઈ રહી છે. જંગી નાણા ઠાલવવાની સાથે સાથે ૬.૯ લાખ કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યક્રમને લઈને શેરબજારમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન તેજી રહી હતી. પાવરગ્રીડ કોર્પોરેશન અને વેદાંતા દ્વારા ગુરુવારના દિવસે તથા હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રી તથા તાતા પાવર ત્રીજી નવેમ્બરના દિવસે પોતાના પરિણામ જાહેર કરનાર છે.

ફેડરલ ઓપન માર્કેટની બેઠક પહેલી-બીજી નવેમ્બરના દિવસે મળનાર છે. આગામી પોલિસી સમીક્ષા માટે આ મિટિંગ યોજાનાર છે જેમાં વ્યાજદર યથાવત રાખવામાં આવે તેવી શક્યતા છે. બીજી બાજુ વ્હાઈટ હાઉસ દ્વારા આગામી સપ્તાહમાં યુએસ ચેર માટે ડોનાલ્ડ ટ્રમ્પના નોમિની જાહેરાત પણ કરવામાં આવનાર છે. બેંક ઓફ ઈંગ્લેન્ડની બેઠક પણ મળનાર છે જેમાં બેંક રેટને ૦.૫ ટકા સુધી વધારવામાં આવે તેવી શક્યતા છે. ઓટો કંપનીઓ પણ આગામી સપ્તાહમાં તેજીમાં રહી શકે છે.

# કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી 'રખેવાળ' દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને 'કોણ બનશે ધારાસભ્ય... ફેસલો આપણા હાથમાં' લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

**નામ :** ______________ **ઉંમર** ______
**સરનામું :** ______________ **ગામ** ______
**વ્યવસાય :** ______________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ..................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ..................

**(૩) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ..................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ..................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
|---|---|
| (૧).................. | (૧).................. |
| (૨).................. | (૨).................. |
| (૩).................. | (૩).................. |
| (૪).................. | (૪).................. |
| (૫).................. | (૫).................. |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજન

# અમદાવાદને સ્માર્ટ સીટી બનાવવા ૭૦૦ કરોડ રોકાશે

અમદાવાદ

અમદાવાદ શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે જંગી નાણાં રોકવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ પાંચ વર્ષમાં જ ૭૦૦ કરોડનુ રોકાણ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. જેથી આગામી પાંચ વર્ષમાં અમદાવાદમાં કેટલીક નવી ચીજો પણ જોવા મળી શકે છે. વધુ ખુબસુરતી પણ જોવા મળનાર છે. સરકાર દ્વારા અમદાવાદ શહેરને સ્માર્ટ સીટીનો દરજ્જો આપવામાં આવ્યા બાદ આગામી પાંચ વર્ષમાં અમદાવાદ શહેરને સાચા અર્થમાં સ્માર્ટસીટી બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ મળીને રૂપિયા ૭૦૦ કરોડનું રોકાણ કરવામા આવશે.આ સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં પીપીપી આધારીત એફોર્ડેબલ આવાસો બનાવવા માટે કુલ મળીને રૂપિયા ૯૬૧ કરોડનો ખર્ચ કરવામા આવશે.આ અંગે સત્તાવાર સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ,કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા વર્ષ-૨૦૧૫માં અમદાવાદ શહેરને સ્માર્ટસીટીનો દરજ્જો આપવામા આવ્યો હતો.બાદમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદમાં હાથ ધરવામા આવનારા સ્માર્ટસીટી પ્રોજેકટ માટે ખાસ કંપનીની સ્થાપના કરવામા આવી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરમાં ઘન કચરાની સમસ્યા ઉકેલવા તેમજ કચરાના વિભાજનની પ્રક્રીયા ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ઝુપડપટ્ટીના સ્થાને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પરવડી શકે એ પ્રકારના આવાસો બનાવવા માટે આગામી પાંચ વર્ષમાં અલગ અલગ વિસ્તારોમા એફોર્ડેબલ હાઉસ પીપીપી ધોરણે બનાવવાનો નિર્ણય કરવામા આવ્યો છે જે પ્રોજેકટ પાછળ કુલ રૂપિયા ૯૬૧ કરોડની રકમનો ખર્ચ કરવામા આવશે.આ ઉપરાંત શહેરના વાડજ વિસ્તારમાં ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા પાછળ કુલ રૂપિયા ૧૧૫ કરોડની રકમનો ખર્ચ કરવામા આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર,આગામી પાંચ વર્ષમાં શહેરમાં હાથ ધરવામા આવનારા પ્રોજેકટોમાં રામાપીરના ટેકરાના રીહબલિટેશનનો પણ સમાવેશ થાય છે.મ્યુનિ.દ્વારા કોમનકાર્ડ પેમેન્ટ સિસ્ટમ પાછળ રૂપિયા ૧૦૫ કરોડ,કમાન્ડ કંટ્રોલ સેન્ટરના નિર્માણ પાછળ રૂપિયા ૫૩ કરોડની રકમનો ખર્ચ કરવામા આવનાર છે.

### ૫૦૦૦ કરોડ રૂપિયાના કાંડને લઇને પુછપરછ

# કરોડોના કૌભાંડમાં કોંગ્રેસી નેતાના સાથીની અટકાયત

નવીદિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કેટલાક કોંગ્રેસી નેતાઓ અને કેટલાક મોટા અધિકારીઓના નજીકના સાથી ગગન ધવનની ધરપકડ કરી છે. ૫૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડના મામલામાં કોંગ્રેસી નેતાઓના નજીકના સાથીની ધરપકડ કરવામાં આવશે. ખળભળાટ મચી ગયો છે. પાંચ હજાર કરોડ રૂપિયાના કૌભાંડની તપાસના સંબંધમાં દિલ્હીમાં આ ધરપકડ કરવામાં આવી છે. ગગન દ્વારા અનેક અધિકારીઓને પણ નાણા આપવાનો આક્ષેપ કરવામાં આવી ચુક્યો છે. દિલ્હી પોલીસના કેટલાક અધિકારીઓની ભૂમિકામાં તપાસ ચાલી રહી છે. ઉચ્ચ સ્તરીય સુત્રોનું કહેવું છે કે, ધવને શરૂઆતી પુછપરછમાં સહકાર ન આપતા તેની ધરપકડ કરવામાં આવી છે. તેને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ લેવામાં આવ્યા છે. રિમાન્ડ પર લીધા બાદ મોટા ખુલાસા થવાની શક્યતા દેખાઈ રહી છે. એવો આક્ષેપ છે કે, ગગને બનાવટી દસ્તાવેજના આધાર પર બેંકોને હજારો કરોડ રૂપિયાનો ચુનો લગાવ્યો છે. સાદેસારા ગ્રુપની સ્ટર્લિંગ કૌભાંડના સંદર્ભમાં ઉંડી તપાસ ચાલી રહી છે. સીબીઆઈના કેસમાં પણ ગગનના નામનો સમાવેશ કરવામાં આવી ચુક્યો છે. ગયા ઓગસ્ટ મહિનામાં ઈડીએ ગગન અને દિલ્હીના એક પૂર્વ ધારાસભ્યના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. ત્યારબાદ એક પછી એક બાબતો સપાટી ઉપર આવતી ગઈ હતી. ઈડીને એવી જાણકારી મળી શકે છે કે, ગગને અનેક અધિકારીઓને લાખો રૂપિયા પેમેન્ટ રૂપે આપ્યા હતા. આઈઆરએસ અધિકારી સુભાષચંદ્રને ૩૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. માનસ શંકરને ૪૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં કાગળો પણ હાથ લાગ્યા છે. દિલ્હી પોલીસના કેટલાક મોટા અધિકારીઓની ભૂમિકામાં તપાસ ચાલી રહી છે. મોટા નામ ખુલવાની શક્યતા છે.

## કરાટે ચેમ્પીયનશીપ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યુ

સીતુડીયા સ્કૂલ ઓફ ઈન્ડિયા દ્વારા જયપુર ખાતે તા. ૧૨ ઓક્ટોબરના રોજ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયન્સીપ યોજાઇ જેમાં ભુતાન,જાપાન, ઈરાન વગેરે એશીયાઇ દેશોમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના ૪૫થીવધારે વિધ્યાર્થીઓ જોડાયેલા. સીતુડીયા સ્કૂલ ઓફ અમદાવાદના કરાટે કોચ શ્રી પુર્વાગ નાયક (૩૨વર્ષથી કાર્યરત છે) જેમના માર્ગદર્શન હેઠળ દિવાન બલ્લુભાઇ સ્કૂલના ઈગ્લીશ મીડીયમના ધો. ૫ માંભણતા વિધાર્થી અભી હિમાંશુ મોદીએ ગોલ્ડ મેડલ મેળવી સમાજ અને ગુજરાતનું ગૌરવ વધારેલ છે.

# રણવીર સિંહ આ વખતે બાળકો સાથે મસ્તી કરવા માટે સજ્જ

રણવીર સિંહ હંમેશા ચર્ચામાં રહે છે અને આ વખતે તેઓ મસ્તી અને ઉત્સાહથી તમામને આશ્ચર્યમાં મૂકી દેશે. સૂત્રોના કહેવા અનુસાર આ "તિભાશાળી કલાકાર મંચ ઉપર બાળકોની સાથે મનોરંજન અને ધમાકેદાર "દર્શન કરતાં જોવા મળશે. પરંતુ ક્યાં? શહેરમાં આ વ"ર્ના અંતે આયોજીત થનારા બાળકો માટેના અદ્વિતિય એવોર્ડ સમારોહ નિકલોડીયન કિડ્સ એવોર્ડ્સમાં તેઓ જોવા મળશે.

આ સુપરસ્ટાર ઉદ્યોગમાં સૌથી મસ્તીખોર કલાકારો પૈકીના એક છે. આથી તેમને બાળકો સાથે જોવાનો અનુભવ ખુબજ યાદગાર અને આક"ક રહેશે. રણવીર બાળકો અને બાળકો રણવીર પાસેથી મસ્તી અને તોફાન શીખતા જોવાની ચોસ મજા પડશે અને તમામ લોકો આ ઈવેન્ટની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

સેટ ઉપરના વિશ્વસનીય સુત્રોના કહેવા અનુસાર, "રણવીર પોતાના પર્ફોર્મન્સ અંગે ખુબજ ઉત્સાહિત છે અને તેઓ "થમવાર મોટી સંખ્યામાં બાળકો સાથે સ્ટેજ ઉપર જોવા મળશે. તેમને બાળકોના જોશથી ઉર્જા મળે છે અને તમામ સાથે મળીને શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપશે."

# પાલનપુર ખાતે કલેકટરના હસ્તે મોક પોલીંગ સ્ટેશનનું ઉદ્‍ઘાટન કરાયું

**વિધાર્થીઓ, યુવાન મતદારો વગેરેને આ મોક પોલીંગ સ્ટેશનની મુલાકાત લેવા કલેકટરનો અનુરોધ**

પાલનપુર

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ તટસ્થ, નિર્ભય અને નિષ્પક્ષ માહોલમાં યોજાય તે માટે બનાસકાંઠા જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આર. જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર ચૂંટણીતંત્ર દ્વારા વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. મતદારોની જાગૃતિમાં સારો વધારો થાય અને વિક્રમજનક મતદાન થાય તે માટે પણ સ્વીપ અને વિવિધ કાર્યક્રમો દ્વારા વિશાળ પ્રયાસો કરવામાં આવે છે.

પાલનપુર કલેકટરની કચેરી ખાતે મોક પોલીંગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. જે. માકડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મોક પોલીંગ સ્ટેશનમાં મતદાન મથક જેવી જ તમામ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે. અહીં ઈવીએમ અને વીવીપેટ મશીન, પ્રિસાઈડીંગ ઓફીસર, પોલીંગ ઓફીસર, મતદાન કુટિર અને જરૂરી સ્ટાફ હોય છે. આ મોક પોલીંગ સ્ટેશન બનાવવાનો હેતુ યુવા મતદારોને મતદાન મથક અંગે સરળતાથી સારી માહિતી અને જાણકારી મળી રહે અને ચૂંટણી સમયે યુવાનો ઉત્સાહથી મતદાન કરે.

જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. જે. માકડીયાએ કહ્યું કે કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ, નવા નોંધાયેલા મતદારો અને યુવાનોને મતદાન પ્રક્રિયા અંગે સરળતાથી જાણકારી મળે તે માટે અહીં મોક પોલીંગ સ્ટેશન બનાવાયું છે. જેની મુલાકાત લેવા તેમણે કોલેજમાં ભણતા વિધાર્થીઓ, નવા નોંધાયેલા મતદારો અને યુવાનોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી વી.કે. ઉપાધ્યાય, જી. ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વિપુલ મહેતા, પ્રાયોજના વહીવટદાર પાંડોર, જી. પ્રાથ. શિક્ષણાધિકારી ડો. દિપકભાઇ દરજી અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાંથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

**રૂા. ૬૫ હજારના મુદ્દામાલ સાથે ૨ લાખ ૬૫ હજારનો મુદ્દામાલ જપ્ત**

ડીસા

ડીસાના આખોલ ચાર રસ્તા પાસેથી રાજસ્થાન તરફથી આવતી વિદેશી દારૂ ભરેલી કારને મંગળવારે મોડી સાંજે બનાસકાંઠા એલસીબી પોલીસે ઝડપી લીધી હતી જો કે કારચાલક ફરાર થઈ ગયો હતો.પોલીસે કુલ રૂ.૨૬૫૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.


ભરત સુંદેશા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ચૂંટણીમાં દારૂની રેલમછેલ ન થાય તેવા ચૂંટણીપંચના આદેશ અનુસાર બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર દ્વારા જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ જે એચ સિંધવ તેમજ સ્ટાફના ગણપતલાલ, નરેશભાઈ, દીગ્વિજયસિંહ, જયપાલસિંહ,મહિપાલસિંહની ટીમે બાતમી હકીકત આધારે ડીસાનીઆખોલ ચોકડી પાસે નાકાબંધી કરી કરી હતી.આ દરમિયાન એક શંકાસ્પદ ટવેરા કાર નંબર જીજે-૦૭-ડીએ-૪૩૮૩ આવતાં તેની તપાસ કરતા કાર માંથી વિદેશી દારૂ તેમજ બિયરની બોટલો કુલ ૬૫૬ કી. રૂ.૬૫,૬૦૦ મળી આવી હતી. જેથી પોલીસે દારૂ તેમ જ તથા ગાડી કિ. રૂ.૨,૦૦,૦૦૦ એમ કુલ મુદ્દામાલ કિ.રૂ.૨,૬૫,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે ગાડીનો ચાલક ભાગી જઇ ગુનો કરેલ હોય તેના વિરુદ્ધ માં ડીસા રૂરલ પોલિસ મથકે મપ્રોહિબિશન એકટ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# કાંકરેજના સુદોસણ ગામનો રોડ બિસ્માર થતાં ગ્રામજનો પરેશાન


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના છેવાડો થરા - હારીજ રોડથી સુદોસણ ગામ તરફ જવાનો સીગલ પટ્ટી રોડ ગત ચોમાસામાં ભારે વરસાદના કારણે તુટી જવા પામ્યો હતો. આથી ગ્રામજનોને આવા ઉબડ - ખાબડ રોડ પરથી અવર જવર કરવામાં ભારે પરેશાનીઓ વઠવી પડે છે. રોડ ઉપર પડેલા મોટા ખાડાઓના કારણે અકસ્માતની પણ દહેશત રહે છે. આથી તંત્ર દ્વારા સત્વરે આ રોડનું રીપેરીંગ કરાય તેવી ગ્રામજનોની માંગ છે.

# બાંકડા મુકવાને લઈને પાલનપુરના ધારાસભ્ય સામે આચારસંહિતા ભંગની રાવ

પાલનપુર

વિધાનસભાની ચૂંટણી જાહેર થઇ ગઈ છે. ત્યારે રાજકીય પક્ષો સક્રિય બન્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બાંકડા મુકવાને લઈને પાલનપુરના કૉંગ્રેસી ધારાસભ્ય સામે પાલનપુર તાલુકા ભાજપે આચારસંહિતા ભંગની લેખિત રજુઆત કરતા મામલો ગરમાયો છે.

પાલનપુરના ધારાસભ્ય મહેશ ભાઈ પટેલ દ્વારા તેમની ગ્રાન્ટમાં થી તેમના મતવિસ્તારમાં બાંકડા મુકવામાં આવે છે. જોકે, ચૂંટણી જાહેર થયા બાદ પણ પાલનપુર ના ધારાસભ્ય મહેશ પટેલ દ્વારા ગતરોજ માલણ ગામમાં બાંકડા મુકાયા હોવાની રાવ ઉઠી છે. આમ, ચૂંટણી જાહેર થયા બાદ પણ ધારાસભ્ય મહેશ પટેલ દ્વારા બાંકડા મુકવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી હોવાના આક્ષેપો સાથે પાલનપુર તાલુકા ભાજપ દ્વારા ધારાસભ્યએ આચારસંહિતાનો ભંગ કર્યો હોવાની રાવ સાથે તેઓ સામે ઘટતી કાર્યવાહી કરવા લેખિત રજુઆત કરતા ચકચાર મચી જવા પામી છે.

# માલગઢના દ્વારકાધીશ હવેલી મંદિરે તુલસી વિવાહની ઉજવણી

પ્રતિ. માલગઢ

આજથી પાંચ વર્ષ પહેલાં બનાસકાંઠા જિલ્લામાં સૌ પ્રથમવાર ડીસા તાલુકાના માલગઢ ગામની જોધપુરીયા ઢાણીમાં હવેલી મંદિરમાં ભગવાન દ્વારકાધીશની પધરામણી થઈ હતી. ત્યારથી આજ સુધી આખા વર્ષ દરમિયાન અન્નકૂટ મહોત્સવ, તુલસી વિવાહ, મહાશિવરાત્રિ, ધૂળેટી (રંગોત્સવ), ભગવાન દ્વારકાધીશનો પાટોત્સવ, જયા પાર્વતી વ્રત ઉત્સવ, જન્માષ્ટમી - નંદ મહોત્સવ, ગણપતિ ઉત્સવ, જીલજલણી એકાદશી, શરદપૂનમ અને ચાર જયંતિ રામનવમી- નરસિંહ જયંતિ, જન્માષ્ટમી, વામન જંયતિ ધામધૂમપૂર્વક ઉજવાય છે. દર અજવાળી અગિયારસે ભજન - સત્સંગનું આયોજન થાય છે.

કારતક સુદ - ૧૧ ને મંગળવારના સપરમા દિવસે માલગઢ - જોધપુરીયા ઢાણીના દ્વારકાધીશ હવેલી મંદિરે ભગવાન શાલિગ્રામજી અને તુલસીજીના શુભ લગ્ન, ગોધૂલિક સમય સાંજે ૬/૧૫ કલાકે આનંદ - ઉલ્લાસપૂર્વક યોજાઈ ગયા. આ શુભ અવસરે કન્યાપક્ષ તરફથી ભરતકુમાર દયારામજી સાંખલા અને મામેરાપર્વનો લાભ પરખાજી તુનમાજી ટાંક પરિવારે લીધો હતો. અને



આવતા વર્ષે યોજાનારા તુલસી વિવાહ માટે પણ દાનની સરિતા વહાવડાવાની તૈયારી દર્શાવી હતી. આ પ્રસંગે રોકડ રકમ અને જરૂરી ભોજન સામગ્રી ભેટ અપાઈ હતી. લાઈટ - ફુલ શણગાર - મીનરલ વોટર - ફોટોગ્રાફી - વીડીયોગ્રાફીની વ્યવસ્થા ભામાશાઓના દાનથી થઈ હતી. તુલસીના રોપા હેપ્પી નર્સરી તરફથી દર્શનાર્થીઓને ભેટ અપાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સ્ટેજ સંચાલન દીપક પઢિયારે કર્યું હતું. કર્મચારીઓ - અધિકારી - પદાધિકારીઓ ગામલોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## બાવન આંટા રાજપૂત સમાજનો નૂતનવર્ષનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ડીસા

શ્રી બાવન આંટા રાજપૂત સમાજ દ્વારા અગામી તા.૫/૧૧/૨૦૧૭ ને રવિવારના રોજ સવારે ૯/૩૦ કલાકે શ્રી સરસ્વતી કન્યા છાત્રાલય વડગામ ખાતે નૂતન વર્ષના સ્નેહ મિલન તેમજ સત્કાર સમારંભનું આયોજન કરાયું છે. આ પ્રસંગે મગરવાડા તીર્થના પૂ.પૂ યતી શ્રી વિજય સોમજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. આ પ્રસંગે જી.આઈ.ડી.સી.ના ચેરમેન બલવંતસિહ રાજપૂત, બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના સભ્ય કરણસિંહ ચાવડાનું સન્માન કરાશે. આ સમારોહમાં ઉપસ્થિત રહેલા સમાજના સર્વ અગ્રણીઓ તથા સમાજબંધુઓને અનુરોધ કરાયો છે.

# બહુજન સમાજ પાર્ટી દ્વારા રેલી અને જાહેર સભા યોજાઈ


એન.કે.મોદી

તા.પ્રતિ ધાનેરા

ધાનેરાના લાલચોક ખાતે બહુજન સમાજ પાર્ટી દ્વારા રેલી નિકાળી જાહેર સભા યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાત બહુજન સમાજ પાર્ટીના મંત્રી નીકેશભાઈ જૈન, બનાસકાંઠાના પ્રભારી ગલચર પ્રતાપભાઈ, પ્રભારી રૂપાભાઈ, દિનેશભાઈ પારેગી અને જિલ્લા મહામંત્રી મુકેશભાઈ ચૌહાણ તેમજ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું કે લોકો મતની કિંમત સમજે અને યોગ્ય રાજકીય પાર્ટી ઓળખી મત આપે તેમજ ગુજરાતમાં બહુજન સમાજ પાર્ટીની સરકાર બને તે હેતુથી રેલી સાથે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સહયોગ સેવા ટ્રસ્ટ (ડીસા) દ્વારા સરદાર પટેલને અનોખી આદરાંજલિ

ડીસા

ગુજરાતના પનોતા પુત્ર, અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ તરીકે વિશ્વભરમાં ઓળખાતા સરદાર સાહેબની ૧૪૩ મી જન્મજયંતિ ડીસાની જાણીતી સંસ્થા સહયોગ સેવા ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના કાર્યાલય પાર્થ મેડીકલ એજન્સી ખાતે આદરાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ પ્રહલાદભાઈ ઠક્કરે સરદાર સાહેબની વિશાળ તસવીરને માલ્યાર્પણ કરી સરદાર સાહેબના યોગદાન બાબતે વિસ્તૃત જાણકારી આપેલ. આ પ્રસંગે મહેશભાઈ દવે, કિશોરભાઈ ચૌહાણ, બળંવતભાઈ ઠાકોર, આનંદભાઈ ઠક્કર, પાર્થ ઠક્કર, કિશોરભાઈ દવે, કનુભાઈ હાલાણી, સુરેશભાઈ દેવવાળા, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય સહિત નગરજનો હાજર રહ્યા હતા.

# હાર્દિક પટેલ માટે ઠેર-ઠેર નો એન્ટ્રી જાહેર થવા માંડી

**પાટીદાર નેતા કહે છે કે મને પ્રવેશબંધી ફરમાવનારા ગામોમાં હું પહેલાં જઈશ -જોઉં છું કોણ મારું શું બગાડી શકે છે**

અમદાવાદ

બીજેપી માટે લાભદાયી પુરવાર થઇ શકે એવી ઘટનામાં હાર્દિક પટેલ પર હવે ગામમાં પ્રવેશબંધી લાગુ થવા માંડી છે. સ્વયંભૂ રીતે શરૂ થયેલી આ પ્રવેશબંધીની શરૂઆત ગઈકાલથી થઈ હતી. ગઈ કાલે રાજકોટથી ૧૯ કિલો મીટર દૂર આવેલા પડધરીમાં હાર્દિકે ગામમાં પ્રવેશ કરવો નહિં એ સંદર્ભનાં હોર્ડીંગ્સ લાગ્યા હતા તો કચ્છના રાપરમાં અને અંજારમાં પણ આ પ્રકારનાં હોર્ડીંગ્સ લાગી ગયા હતાં.




હાર્દિક પર પ્રવેશબંધી એ ગુજરાત બીજેપી માટે તો ભાવતા ભોજન જેવું બન્યું છે. બીજેપી વિરૂધ્ધ પ્રચાર કરી રહેલા હાર્દિકને આ પ્રકારે જાકારો મળે એવું બીજેપી ઈચ્છતી હતી અને એવું જ થવું શરૂ થયું છે. જો કે હાર્દિક પટેલને આવા હોર્ડીંગ્સ કે પોસ્ટરોની કોઈ અસર થઈ નથી. ગઈકાલે હાર્દિક પટેલે કહ્યું હતું કે 'ઈલેકશન સમયે મારા આવા પોસ્ટરો લાગે એ તો વાજબી જ છે. આ બધી બીજેપીની કારીગીરી છે અને એનાથી મને કોઈ ફરક નથી પડતો. હવે હું એ ગામોમાં પહેલાં જઈશ જયાં મારા પર પ્રવેશબંધી લગાવવામાં આવી છે. જોઉં છું કોણ મારું શું બગાડી લે છે.'

હાર્દિક પટેલે છત્રીસ કલાક પહેલાં જ પડધરીની બાજુમાં આવેલા તરઘડી નામના ગામમાં પ્રેસ-કોન્ફરન્સ કરી હતી અને તરઘડીમાં તે ચાર કલાક રોકાયો હતો.

# રાજસ્થાન ગુજરાતની સરહદે ખનીજ માટે ડ્રોનથી સર્વે થઇ રહ્યો છે

**થરાદ પંથકમાં ઉડી રહેલા વિમાન(ડ્રોન)થી ગભરાવવાની જરુર નથી**

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના સરહદી થરાદ વાવ પંથકમાં છેલ્લા ત્રણ દિવસમાં એક વિમાને ચક્કર લગાવતાં લોકોમાં આશ્ચર્ય સાથે તર્કો પણ ફેલાવા પામ્યા હતા.જોકે આ કામગીરી ખનીજ શંસોધન માટે ડ્રોનથી સર્વે ચાલી રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું.


વિષ્ણુ દવે

ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય બોર્ડરને અડીને આવેલા બનાસકાંઠાના સરહદી થરાદ વાવ તાલુકાના આકાશમાં છેલ્લા ત્રણ દિવસથી એક નાનું પ્લેન (વિમાન) ચક્કર લગાવી રહ્યું છે.તેને સરહદી પ્રજામાં અનેક સવાલો અને તર્ક વિતર્કો ઉઠવા લાગ્યાછે.જોકે આ કામગીરી ગુજરાત રાજસ્થાનની વચ્ચે ફેલાયેલી પહાડીઓની જમીનમાં દબાયેલી કુદરતી સંપત્તિની તપાસ કરવા માટે ખનિજ મંત્રાલય અને ભારતીય ભુસ્તર વિભાગ દ્વારા ન્યુઝીલેન્ડની એક ખાનગી કંપની દ્વારા કરાવવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.આ એડવાન્સ જીપીએસ અને સ્પેક્ટ્રોમેટ્રીક મશીન લગાવેલ એક વિશેષ વિમાન છે જે ઓછી ઉંચાઈએ ઉડી શકે છે.વૈજ્ઞાનિકો જેની મદદથી જમીનની નીચે દબાયેલી ખનીજસંપત્તિની જાણકારી મેળવી રહ્યા છે.રાજસ્થાનના પાલી બાદ જાલોર જિલ્લામાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે.રાજસ્થાનાના સિવાણાને કેન્દ્ર બનાવીને ગુજરાત રાજસ્થાનના ૫૯૧૧૧ચો.કી.મી અને ભારતના ૮૧૩૦૫૯ ચો કીમીમાં આ સર્વે કરવામાં આવનાર છે.આ વિસ્તારમાં ગ્રેનાઇટની માત્રા વધારે પ્રમાણમાં હોવાનું મનાઇ રહ્યું છે.જોકે સરહદી પંથકમાં ઉડી રહેલા વિમાન જેવા ડ્રોનથી પ્રજાજનોએ ગભરાવાની જરૂર નથી.

# પાટીદારો ફરી એકત્રિત થશે : ગેરમાર્ગે દોરાયેલાઓને સમાજમાં પરત લાવશે

અમદાવાદ

પાટીદાર સમુદાયના લોકો હાલમાં વિભાજિત દેખાઈ રહ્યા છે. એકબાજુ હાર્દિક પટેલ અને તેમની ટીમ છે જ્યારે બીજી બાજુ પાટીદાર સંસ્થાઓ પણ સામે ખુલ્લીરીતે મેદાનમાં આવી ગઈ છે. તેમનું કહેવું છે કે, હાર્દિક પટેલ પાટીદાર સમુદાયના લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. પાટીદાર સમુદાય હવે શું કરશે તે નીચે મુજબ છે. પાટીદાર વડીલ આગેવાન આર.પી.પટેલ અને સી.કે.પટેલે જણાવ્યું હતું કે, હાર્દિક પટેલની સભાઓમાં હજુ પણ પબ્લીક કે પાટીદાર સમાજ મોટી સંખ્યામાં ઉમટે છે, તેનું કારણ એ છે કે, પાટીદાર સમાજના આંતરિયાળ વિસ્તારો અને ગ્રામ્ય પંથકો સુધી ઉપરોક્ત સાચી હકીકતોનો સંદેશો પહોંચ્યો નથી. તેથી તે લોકોની અજાણતાને ગુમરાહ કરાઇ રહ્યા છે. આગામી દિવસોમાં રાજયભરમાં ખૂણેખૂણા સુધી પાટીદાર સમાજને સાચી હકીકતોથી વાકેફ કરવા અને આ સમગ્ર મામલે જાગૃત કરવા પાટીદાર સમાજના આગેવાનો દ્વારા ખાટલા પરિષદો યોજાશે અને તેમાં સમાજના લોકોને સાચી વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ અપાશે.

શું તમે હાર્દિક પટેલ આણિમંડળીને પાટીદાર સમાજમાંથી હાંકી કાઢશો એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં પાટીદાર વડીલ આગેવાનોએ જણાવ્યું કે, પાટીદાર સમાજ કોઈને કાઢી નાંખવાની નીતિરીતિ ધરાવતો નથી.

અનુસંધાન પાના નં.૬

# કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ અધિનિયમમાં સુધારાને મંજુરી આપી

નવીદિલ્હી

કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ અધિનિયમ ૧૯૯૩માં સુધારાને મંજુરી આપી દીધી જેથી રાષ્ટ્રીય શિક્ષણ પ્રશિક્ષણ (સુધારા) અધિનિયમ ૨૦૧૭ શીર્ષક હેઠળ વિધેયકના રૂપમાં સંસદમાં રજુ કરવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો આ હેઠળ રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ(એનસીટીઇ)ની મંજુરી વિના શિક્ષક પ્રશિક્ષણ પાઠયક્રમોને સંચાલિત કરનાર કેન્દ્ર અને રાજય વિશ્વ વિદ્યાલયોને માન્યતા પ્રદાન કરવાની જોગવાઇ છે.

આ સુધારામાં એનસીટીઇ માન્યતા વિના શિક્ષક પ્રશિક્ષણ પાઠયક્રમ સંચાલિત કરનાર કેન્દ્ર રાજય શાસિત ક્ષેત્રના નાણાંપોષિત સંસ્થાનો અથવા વિશ્વ વિદ્યાલયોને અકાદમી સત્ર ૨૦૧૭-૨૦૧૮ સુધી ભૂતલક્ષી પ્રભાવથી માન્યતા પ્રદાન કરવાની જોગવાઇ છે. ા ભૂતલક્ષી પ્રભાવના માન્યતા એકબારગી ઉપાયના રૂપમાં આપવામાં આવી રહી છે જેથી આ સંસ્થાનોથી ઉત્તર્ણ થાય અથવા રજીસ્ટર છાત્રોના ભવિષ્યને ખતરો ન થાય.

આ સુધારાથી આ સંસ્થાઓ અથવા વિશ્વવિદ્યાલયોમાં ભણી રહેલ અથવા અહીંથી પહેલા જ પાસ થઇ ચુકેલ શિક્ષકના રૂપમાં રોજગાર મેળવવા પાત્ર થઇ શકે છે. આ સુધારો માનવ સંસાધન વિકાસ મંત્રાલયની હેઠળ સ્કુલ શિક્ષણ અને સ ાક્ષરતા વિભાગ લઇ આવ્યું છે. શિક્ષક પ્રશિક્ષણ પાઠયક્રમ જેમ બીએડ અને ડિપ્લોમાં ઇન ઇલેમેટ્રી એજયુકેશન શિક્ષક પ્રશિક્ષણ પાઠયક્રમ ચાલનાર તમામ સંસ્થાનોને એનસીટીઇ અધિનિયમની ધારા ૧૪ હેઠળ રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદથી માન્યતા લેવી પડશે

આ ઉપરાંત આવા માન્યતા પ્રાપ્ત સંસ્થાનો અથવા વિશ્વ વિદ્યાલયોને એનસીટીઇ અધિનિયમની કલમ ૧૫ હેઠળ પાઠયક્રમોની મંજુરી પ્રાપ્ત કરવી પડશે એનસીટીઇએ તમામ કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયો અને રાજય સરકારો અથવા રાજય વિશ્વ વિદ્યાલયો અથવા જીલ્લા શિક્ષા અને પ્રશિક્ષણ સંસ્થાનો (ડાયટ)ને આ સંબંધમાં લથી માહિતગાર કરાવ્યું છે કે શિક્ષક પ્રશિક્ષણ પાઠયક્રમોની શરૂઆત કરવા માટે પૂર્વ અનુમતિ પ્રાપ્ત કરવી અનિવાર્ય કાનુની જોગવાઇ છે.

એ યાદ રહે કે એનસીટીઇ અધિનિયમ ૧ જુલાઇ ૧૯૯૫ના રોડ પ્રભાવમાં આવ્યો હતો અને જમ્મુ કાશ્મીર રાજયને છોડી આ દેશભરમાં લાગુ છે. તેનો હ્તુ શિક્ષક પ્રશિક્ષણ પ્રણાલીના આયોજન અને સમન્વિત વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.

# ગુજરાત ચૂંટણીને લઇ ૧.૭૯ લાખથી વધુ પોસ્ટર હટાવાયા

અમદાવાદ

રાજયમાં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય એ માટે ચૂંટણી તંત્ર સજ્જ બની ગયુ છે.ચૂંટણી સંદર્ભમાં રાજયભરમાંથી અત્યારસુધીમાં કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે ૨૪,૨૬૮ પરવાનાવાળા હથિયારો જમા લેવામા આવ્યા છે આ સાથે જ ૨૨૭ જેટલા પરવાના રદ કરવામા આવ્યા છે.રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી બી.બી.સ્વૈને આજે એક પત્રકાર પરિષદમાં રાજયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી સંદર્ભમાં માહિતી આપતા કહ્યુ કે,રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજવા ચૂંટણી તંત્ર કટિબદ્ધ છે.મતદારો વિધાનસભાની ચૂંટણીમાં મતદાનના દિવસે નિર્ભય બની મુકત વાતાવરણમાં મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો આયોજિત કરવામા આવી રહ્યા છે.કેન્દ્રીય ચૂંટણી તંત્ર દ્વારા રાજયની ચૂંટણીને ધ્યાનમાં લઈને ૩૪ જેટલા માસ્ટર ટ્રેનર્સની ટીમ બનાવવામા આવી છે.આ ટીમ દ્વારા રાજયના ચૂંટણી સાથે સંકળાયેલા વિવિધ સંવર્ગના ૫૦૦ થી વધુ ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓને તાલિમ આપવામા આવી છે.રાજયમાં ચૂંટણી સરળ,અસરકારક અને ઝડપી બને તે માટે ચૂંટણીતંત્ર દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.તેના ભાગરૂપે મતદાર જાગૃતિ અભિયાનની સાથે મતદાનની પ્રક્રીયા પણ

અનુસંધાન પાના નં.૬

# કૉંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવાની જવાબદારી એક ગુજરાતીના શિરે

## આ ટેકનોક્રેટ ગુજરાતીનું નામ છે સામ પિત્રોડા

નવી દિલ્હી

ગુજરાતમાં આવી રહેલા વિધાનસભાના ઈલેકશનની તૈયારીના ભાગરૂપે પહેલી વખત કોંગ્રેસ દ્વારા એક એવું સ્ટેપ લેવામાં આવ્યું છે જે અસરકારક પુરવાર થઈ શકે છે. આ વિધાનસભાના ઈલેકશન માટે કોંગ્રેસે એનો મેનિફેસ્ટો એટલે કે ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવાનું કામ આ વખતે ગુજરાતી ટેકનોક્રેટ સેમ પિત્રોડાને સોંપ્યું છે. બીજેપી જે સમયે વિકાસના નામ પર ઈલેકશન લડવા જઈ રહી છે. એ સમયે ટેકનોક્રેટ સામ પિત્રોડાને સોંપવામાં આવેલા કામમાં ચોક્કસ, વિકાસલક્ષી દ્રષ્ટિકોણ હોય એવું ધારી શકાય છે તો સાથોસાથ ગુજરાતી હોવાને લીધે સામ પિત્રોડા તેમને આપવામાં આવેલી આ જવાબદારીમાં ગુજરાતીપણું પણ લાવે અને ગુજરાતીઓની જરૂરીયાતને પણ ધ્યાનમાં રાખવામાં એવું પણ ધારી શકાય છે.

દેશમાં આવેલી ટેલિકમ્યુનિકેશન ક્ષેત્રાની ક્રાન્તિના જનક અને પ્રણેતા સામ પિત્રોડા છે. અમેરિકાથી ભારત આવેલા સેમ પિત્રોડાએ રાહુલ ગાંધી સાથે રહીને દેશના ટેલિકર્મ્યુકિશન ક્ષેત્રે રાતોરાત બદલવાનું કામ કર્યુ હતું. અત્યારે એ જ ટેલિકમ્યુનિકશન ક્ષેત્રાની દેશમાં જબરદસ્ત ડિમાન્ડ છે ત્યારે સેમ પિત્રોડા કોંગ્રેસનો મેનિફેસ્ટો તૈયાર કરવાનું કામ કરે એ ખરેખર સુખદ આશ્ચર્યની વાત છે.

# તંત્રી સ્થાનેથી ...

**ઈજ્જત, આબરુ પૈસાથી નહિં પણ નમ્રતાના ગુણોથી મળે છે...**

## અયોધ્યામાં મંદિરનો પ્રશ્ન પુનઃ ચર્ચાની એરણ પર

અયોધ્યામાં રામમંદિરનો પ્રશ્ન કેટલાય વર્ષોથી ચર્ચાય છે. પરંતુ આ મુદ્દે કોઈ સરકાર યોગ્ય પરિણામ લાવી શકી નથી. દેશની જનતાને સત્તાધિન ભાજપ ઉપર આ બાબતે ઘણો ભરોસો હતો પરંતુ પક્ષથી કે એનડીએ સરકારથી કઈ વળી શક્યું નથી. આ એક ધાર્મિક પ્રશ્ન છે તેને ચર્ચાની એરણ પર લઈ જવાનો કોઈ અર્થ ખરો? બાબરી મસ્જીદ તૂટી ત્યારથી આજદિન સુધી મંદિર કે મસ્જીદનો પ્રશ્ન અધ્ધરતાલ જ રહ્યો છે. બાબરી મસ્જીદ તૂટી ત્યારે કેન્દ્રમાં કોંગ્રેસની નરસિંહરાવ સરકાર હતી અને ઉત્તર પ્રદેશમાં ભાજપ સત્તાધિન હતો. રાજ્યના અનેક પ્રશ્નો સરકાર સમક્ષ ઉભા હતા. પરંતુ આ ધાર્મિક પ્રશ્નને સરકારે હોંશીયામાં ધકેલી દીધો અને ચર્ચાઓ તો યથાવત જ રહી.

ત્યારે હવે અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકર આગળ આવ્યા હોવાની હકીકત બહાર આવેલ છે. તેઓનું કહેવું છે કે અયોધ્યામાં સ્થિતિ બદલાઈ ચુકી છે. લોકો શાંતિ ઈચ્છે છે અને આ રીતના ધાર્મિક પ્રશ્ને મધ્યસ્થી બનીને ઉકેલ લાવવો એ જીવનમાં એક જ વાર મળતી તક જેવું છે. રામજન્મ ભૂમિ વિવાદ વર્ષોથી સાંભળવામાં આવે છે. પરંતુ સરકાર આ બાબતે કોઈ ચોક્કસ વ્યુહરચના ઘડી શકી નથી. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહને રાજીનામું આપી દેવું પડ્યું હતું અને ત્યારબાદ અયોધ્યામાં હજુ અશાંતિના વાદળો દૂર થઈ શક્યા નથી. ત્યારે હવે મંદિર નિર્માણના પ્રશ્ને શ્રી શ્રી રવિશંકર કયો પ્લાન અપનાવશે. અગાઉ મંદિર પ્રશ્ને સંતો અને મહંતોની બે ડઝન ઉપરાંત બેઠકો મળી હતી. સરકાર અને સંતો વચ્ચે પણ અનેકવાર બેઠક થઈ હતી. પરંતુ છેવટે મંદિર નિર્માણની વાતનો અંત લાવી શકાયો નહિં.

શ્રી શ્રી રવિશંકરે ગત ૬ ઓક્ટોબરે બેંગલુરુમાં નિર્મોહી અખાડા અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના તમામ સભ્યોને વાતચીત માટે બોલાવ્યા હતા. અને લાંબી ચર્ચા પણ થઈ હતી અને મંદિર નિર્માણના પ્રશ્ને સકારાત્મક પ્રતિસાદ પણ મળ્યો હોવાનું પણ કહેવાય છે. રવિશંકરે એવું કહ્યું હતું કે ૨૦૦૩-૦૪ માં મંદિરના પ્રશ્ને પ્રયાસ કરવામાં આવ્યો હતો, જો કે હાલમાં માહોલ વધુ સકારાત્મક બન્યો છે.

જો કે મંદિર નિર્માણના પ્રશ્ને કોંગ્રેસે શ્રી શ્રી રવિશંકરના પ્રયાસોને ખાસ મહત્વ આપ્યું નથી. પક્ષના એક પ્રવક્તાએ એવું જણાવેલ કે શ્રી શ્રી હોય કે બાબા રામદેવ હોય બધા લોકો આવા પ્રયાસો કરતા રહે છે. પરંતુ કોઈ નિર્ણાયક ફેંસલો લાવી શકાયો નથી. અને કરવા દો બધાને પ્રયાસ કરવા છે પરંતુ કોર્ટને તેનું કામ કરવા દો. દરમ્યાન બાબરી એક્શન કમિટિના સભ્ય હાજી મહેબુબે એવું કહ્યું હતું કે ઘણા સમય પહેલાં શ્રી શ્રી રવિશંકર તરફથી એકવાર આમંત્રણ આવ્યું હતું. તેઓ મને મળવા માગતા હતા, મેં તેમની વાતને આવકારી હતી. પરંતુ ત્યારબાદ કોઈપણ જાતની ચર્ચા થઈ શકી ન હતી. જો શ્રી શ્રી રવિશંકર અયોધ્યાનો વિવાદ ઉકેલવા આગળ આવતા હોય છે. તેમની સાથે વાતચીત કરવામાં કોઈ વાંધો નથી.

## રે-બન ની રજુઆત –'ધ જનરલ' – 'ધ એવિએટર' નું નવીનસ્વરૂપ



ધ એવિએટરની ટાઈમલેસ (અનંત કે સમયાતીત) પ્રેરિત એક નવા આઈકોનનો જન્મથયો છે, મળો ધ જનરલ ને, જે કોઈપણ સમજૂતી નથી કરતો, જે નિડર છે...અનેબેશક બેશર્મ પણ છે. ૨૧ સદી માટે રિમાસ્ટર કરવામાં આવેલ ધ જનરલમાં રેટ્રોકોન્ફીડન્સ (જૂના આત્મવિશ્વાસ) ના પ્રતિક ધ એવિટરના કર્વ (વળાંકો) ને શાર્પસિલુએટ માટે મજબૂત કરવામાં આવ્યા છે. બ્રેવ, આઈકોનિક, ફ્રેશ ધ જનરલ સાથે પ્રત્યેકઆઉટફિટ (વસ્ત્ર) કલાસિક અને આધુનિક દેખાય છે કારણ કે તેનો શેપ (આકાર) તેનેપ્રેરિત કરે છે. વ્હાઈટ શર્ટ અને જીન્સ સાથે ધ જનરલ પહેરો અને પછી જુવોકેવો જોરદાર લૂક મળે છે. અથવા તેને કેમો પ્રિન્ટ જેકેટ અને લેસ-અપ બૂટ સાથેઅજમાવો – આ લુક ફ્રેમના નિર્માણ જેવો જ મજબૂત મળશે.ટકાઉ, ઉપયોગી અનુભવ જેવા પ્રમુખ ફિચર્સ (વિશેષતાઓ) ધ જનરલના લુકમાં છે જેતમારા એસએસ૧૭ વોર્ડરોબને ખુબ ઝડપથી અપડેટ કરે છે. સ્ટાઈલિશ, મિલિટ્રી-લુક રિમ અને ડબલ બ્રિજ સાથે તેની મૂળ ડિઝાઈન એવિએટર જેવી લાગે છે, પણ તેનીપોતાની વિશિષ્ટ અભિવ્યક્તિ પણ છે. રેટ્રો (જુના જમાના) છતા મોર્ડન, તેઆકર્ષિત કરવા સાથે ધ્યાન પણ ખેચે છે.સૌપ્રથમ ૧૯૮૭માં લેફ્ટેન્ટ ડગ્લાસ મેકઆર્થરને શ્રદ્ધાંજલિ આપવા માટે તેનેડિઝાઈન કરવામાં આવ્યા હતા, તમે તમારી રીતે પણ તેનો ઉપયોગ કરી શકો છો.

**<u>આત્મચિંતન</u>**

## જીંદગી કેવી રીતે જીવીએ

કહે છે કે મુસીબત કદી એકલી આવતી નથી તેના બાળબચ્ચા પણ સાથે હોય છે. હજી એક મુશ્કેલીમાંથી છુટયા નથી કે બીજી આવી પડે છે.

જીવન એક સંગ્રામ છે એમાં કાયરોએ પણ લડવું પડે છે. કોઈના હાથ સંગીત પકડતાં કાંપે છે તો કોઈ જાનની બાજી લગાવીને દુશ્મન સાથે પુરી શક્તિથી લડે છે. મુશ્કેલીઓ, દુઃખ, મુસીબતો એવા શત્રુઓ છે જેમની સામે આપણે લડવું જ પડશે.એમનાથી પીછો છોડાવવો અશકય હોય તો પછી તેમને સાહસપુર્વક શા માટે ના લલકારીએ ? વીર યોદ્ધાની જેમ જ તેમની સામે શા માટે ન ઝઝુમીએ ? જીવન સંગ્રામમાં તે જ વિજય મેળવે છે જે મુશ્કેલીઓ સાથે રકતના અંતિમ બુંદ સુધી, જીવનના અંતિમ શ્વાસ સુધી લડે છે, જીવનું કલ્યાણ પણ એમાં જ છે કે મુસીબતોમાં ગભરાઈએ નહીં, તેમની સામે સંઘર્ષ કરીએ.

સૃષ્ટીના આદિથી મૃત્યુ પામેલી વ્યક્તિઓની યાદી બનાવવી જો શકય હોય તો સંસારનો બધો જ કાગળ એ કાર્યમાં વપરાઈ જાત પરંતુ જેમને આજે દુનિયા જાણે છે તેમનું નામ લખો તો પુસ્તક પણ પુરૂં થશે નહીં, અહીં નામ તેમનું જ અમર રહે છે કે જે મહાન સંકલ્પ લઈને આવે છે, જે બીજાઓના હીત તેમજ કલ્યાણને માટે પોતાનું જીવન હોમી દે છે તેઓ જ યુગો સુધી જીવંત રહે છે, તેઓ જ ભાવિ પેઢીઓને પ્રેરણા અને પ્રકાશ આપે છે, બીજાઓને માટે પોતાના અસ્થિઓનું દાન આપનાર પરમાર્થી પુરૂષો જ સંસારમાં જીવે છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કિસ્મત કો મોડને કી કહાનિયાં લિખેગા- ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ સીઝન ૨



સૂર તેનું સર્વોચ્ચ શિખર સર કરવા સુસજ્જ છે, ખુરશીઓ ફરવા માટે સુસજ્જ છે, હા, તે મંચ પર જેની સૌથી વધુ વાટ જોવાઈ રહી છે- ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ. આ સીઝનના ચાર અદભુત કોચ છે, અવ્વલ ગાયક અને સંગીતકાર હિમેશ રેશમિયા, સદા હસ્તો અને ઉત્તમ ગાયક શાન, અંતરને સ્પર્શતો ગાયક અને કમ્પોઝર પેપોન અને યુવાન કોચ પલક મુછાળ. એસ્સેલ વિઝન પ્રા. લિ. દ્વારા નિર્મિત ધ વોઈસ ઈન્ડિયા કિડ્સની સીઝન ૨નું પ્રસારણ ૧૧ નવેમ્બર, ૨૦૧૭થી શરૂ થયા બાદ દર શનિવાર અને રવિવારે રાત્રે ૯ વાગ્યાથી ફકત &TV પરથી પ્રસારિત થશે.

બિનપારંપરિક અભિગમ સાથે ધ વોઈસ ઈન્ડિયા સીઝન ૨ કિસ્મત કો મોડને કી કહાનિયાં ઉજાગર કરવા માટે વચનબદ્ધ છે, જ્યાં બાળકોને શ્રેષ્ઠતમ દ્વારા મેન્ટર કરાશે અને તેઓ સૌથી પૂર્વગ્રહરહિત ગાયકી મંચ પર પરફોર્મ કરી શકશે. તો સૂરોની આ શક્તિ જોવા માટે તૈયાર રહો, ૧૧મી નવેમ્બરથી આરંભ કરતાં દર શનિવાર અને રવિવારે રાત્રે ૯ વાગ્યાથી, ફક્ત &TV પર

## મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૨૯નાં ભાવ ધરાવતાં કુલ રૂ. ૨૪૭.૨ કરોડનાં ૫૭.૬૨ લાખ ઈક્વિટી શેરની ફાળવણી ૧૫ એન્કર ઈન્વેસ્ટર્સને કરશે

મુંબઈ

મહિન્દ્રા લોજિસ્ટિક્સ લિમિટેડએ ૧૫ એન્કર ઈન્વેસ્ટર્સને શેરદીઠ રૂ. ૪૨૯નીકિંમત ધરાવતા અને કુલ રૂ. ૨૪૭.૨ કરોડનાં ૫૭,૬૨,૨૦૩ ઈક્વિટી શેરની ફાળવણી કરવાનો નિર્ણય લીધો છે. કુલ ૧૦સ્કીમ મારફતે ૬ મ્યુચ્યુઅલ ફંડે અરજી કરી છે. ઓફરફોર સેલ મારફતે પ્રસ્તુત આ આઈપીઓની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૨૫થી રૂ. ૪૨૯ છે,જેમાં (૧) મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ (પ્રમોટર)નાં ૯,૬૬૬,૧૭૩ ઈક્વિટી શેર; (૨) નોર્મન્ડીહોલ્ડિંગ્સ લિમિટેડનાં ૯,૨૭૧,૧૮૦ ઈક્વિટી શેર; અને (૩) કેદાર કેપિટલ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ–કેરાદર કેપિટલ એઆઈએફ ૧નાં ૩૯૪,૯૯૩ (ઽઃઓફર ફોર સેલઽઃ અથવા "ઓફર" તથા ઓફર ફોરસેલમાં આ પ્રકાનાં શેરધારકો સંયુક્તપણે "વિક્રેતા શેરધારકો" તરીકે તથા વ્યક્તિગત રીતે "વિક્રેતાશેરધારક" તરીકે સંદર્ભિત છે) શેર સામેલ છે. ઓફરમાં લાયક કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે૧૨૫,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે (આરએચપીમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ)("એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન"). એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શનથી ઓછી ઓફર અહીં "ચોખ્ખીઓફર" તરીકે ઓળખાય છે અને આ પ્રકારની ચોખ્ખી ઓફરમાં કુલ ૧૯,૨૦૭,૩૪૬ ઈક્વિટી શેરસામેલ છે. ઓફર અને ચોખ્ખી ઓફરમાં કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીઅનુક્રમે ૨૭.૧૭ ટકા અને ૨૭.૦૦ ટકા સામેલ હશે. ઓફરમાં લાયક કર્મચારીઓ ("એમ્પ્લોયીડિસ્કાઉન્ટ")ને ઓફર પ્રાઈઝ પર ઈક્વિટી શેરદીઠ રૂ.૪૨નું ડિસ્કાઉન્ડ સામેલ છે.

## સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી ગુજરાતની ૧૮૨ બેઠકો ઉપર ઉમેદવાર ઉતારશે



અમદાવાદ

સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટીએ ડિસેમ્બરમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં તમામ ૧૮૨ બેઠકો ઉપરથી ચૂંટણી લડવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના પનોતાપુત્ર અને લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિચાર ધારા સાથે પાર્ટી છેલ્લાં આઠ વર્ષથી ગુજરાતનીસાથે-સાથે દેશના અન્ય રાજ્યોમાં સક્રિયપણે કાર્યરત છે તથા શક્તિ અને સંયમના સુત્ર સાથે લોકકલ્યાણની પ્રવૃત્તિમાંહંમેશા સક્રિય રહી છે.ગુજરાત પ્રાચીન સમયથી ભારતમાં સામાજિક, વ્યાપાર, રાજકીય, સંસ્કૃતિક ક્ષેત્રોમાં અગ્રેસર રહ્યું છે. રાજ્યના અનેક મહાપુરુષોએ સમગ્ર ભારતમાં ગુજરાતની વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરી છે. ગુજરાતની શાંતિ પ્રિય અનેલાગણીશીલ પ્રજાએ સખત મહેનત અને પરિશ્રમથી સમગ્ર વિશ્વમાં ખ્યાતિ મેળવી છે, પરંતુ ગુજરાતના રાજકીયપક્ષોએ સત્તા હાંસલ કરી પોતાના સ્વાર્થને પૂર્ણ કરવા સત્તાનો દુરઉપયોગ કર્યો છે. પ્રજા આવા પક્ષોની ગંદીરાજનીતિનો ભોગ બની છે કે જેમણે પોતાના શાસનકાળ દરમિયાન અનેકવાર ગુજરાતમાં કોમવાદ, સાંપ્રદાયિકતા,જાતિવાદ, આતંકવાદ જેવા ઝેર ઘોળી ગુજરાતની ભોળી પ્રજાને અંદરો અંદર ઝગડાવી હંમેશા પોતાના રાજકીયસ્વાર્થો પૂરા કર્યા છે. ગુજરાતમાં આવી પાર્ટીઓના શાસને ગુજરાતની ખુમારીને ઠેસ પહોચાડી છે. રાજ્યમાં પાછલાઘણા વર્ષોથી ચાલતા એકધારા હિટલરશાહી શાસને પ્રજાતંત્ર માટેના મજબુત પક્ષ તથા પ્રજાતંત્રના અવાજ રૂપ વિપક્ષના બધા રસ્તા બંધ થઈ ગયેલા હોઈ તેવી પરિસ્થિતિનું સર્જન કર્યું છે. આ સંજોગોમાં એક મજબૂત ત્રીજા પક્ષની જરૂરિયાત સર્જાઈ છે.

## વિશ્વ રોડ બેઠક ૨૦૧૭માં એફઆઈએના અધ્યક્ષ જીન ટોટ બનશે વિશેષ વક્તા



ફેડરેશન ઓફ ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ એટલે કે એફઆઈએના અધ્યક્ષ જીન ટોડ ભારતમાં ૧૪થી ૧૭ નવેમ્બર દરમ્યાન દિલ્હીમાં યોજાનારી વિશ્વ રોડ બેઠક(ડબલ્યુઆરએમ ૨૦૧૭)માં એક વિશેષ પ્લેનરી સત્રને સંબોધીત કરશે. ભારતમાં પહેલી વાર થનારી ડબલ્યુઆરએમમાં જીન ટોડ ફોર્મૂલા વન રેસિંગ જેવી આંતરરાષ્ટ્રીય મોટરીંગ રમત સંગઠનો અને મોટરિંગના હિતો ને પ્રસ્તુત કરનારા સંગઠનો, એફઆઈએનું પ્રતિનિધિત્વ કરશે. જીન ટોડ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવના વિશેષ માર્ગ સુરક્ષા દૂત પણ છે.એફઆઈએ મોટરિંગ સંગઠનોના હિતોનું પ્રતિનિધિત્વ ઉપરાંત દુનિયભરમાં તમામ માટે સુરક્ષીત, ટકાઉ અને સહજ વાહનવ્યવહારના સાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે પણ સુચન આપે છે.માર્ગ સુરક્ષા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસચીવના વિશેષ દૂત તરીકે જીન ટોડ વિશેષ પ્લેનરી સત્રને સંબોધીત કરવા ઉપરાંત દેશમાં માર્ગ સુરક્ષા સાથે સંકળાયેલા જુદા જુદા પક્ષો સાથે બેઠક કરશે. તેઓ ભારતમાં સડક સુરક્ષા માટે સંયુક્ત રાષ્ટ્રના માનકોને ટેકો આપશે. એફઆઈએની સ્માર્ટ શહેર પહેલને માત્ર મોટરસ્પોટર્સ જ નહીં પરંતુ વાહનવ્યવહારમાં પણ વિશેષતા હાંસલ કરી છે. આ સંસ્થા ટકાઉ પરિવહન સમાધાનને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

## હિતાચી દ્વારા હિતાચી વેન્ટારા રજૂ કરાઈઃ આ નવી ડિજિટલ કંપની દુનિયાના સૌથી કપરા વેપાર અને સામાજિક પડકારોનો ઉકેલ લાવવા માટે વચનબદ્ધ

હિતાચી લિ. દ્વારા આજે વ્યાવસાયિક અને ઔદ્યોગિક ઉદ્યોગો માટે ડેટા પ્રેરિત નિવારણો પ્રદાન કરવા માટે હિતાચી ગ્રુપ કંપનીઓમાંથી નાવીન્યતા, વિકાસ અને અનુભવના વ્યાપક પોર્ટફોલિયોનો લાભ લેતી નવી વેપાર કંપની હિતાચી વેન્ટારા લોન્ચ કરવામાં આવી હતી. આ નવી કંપની હિતાચી ડેટા સિસ્ટમ્સ, હિતાચી ઈનસાઈટ ગ્રુપ અને પેન્તાહોની કામગીરીને ઓપરેશનલ ટેકનોલોજીઝ (ઓટી) અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીઝ (આઈટી)માં હિતાચીની સામાજિક નાવીન્યતા ક્ષમતાનો લાભ લેતાં એક અખંડ વેપાર હિતાચી વેન્ટારામાં એકત્રિત કરવામાં આવી છે.દુનિયાના સૌથી વિશાળ ઉદ્યોગો દ્વારરા ભરોસા મુકાયેલી આઈટી સાથે એકત્રિત ઓટી નિપુણતાના એક સદીથી વધુ સમયથી હિતાચી ફાઈનાન્સ, સરકાર, ઉત્પાદન, વીજ અને ઊર્જા અને પરિવહન જેવા ઉદ્યોગો માટે ૧૦૦ વર્ષથી ઓટીમાં આગેવાન છે, જેનાં નિવારણોથી શહેરો, ઔદ્યોગિક કામગીરીઓ અને વેપારો પર મોટે પાયે હકારાત્મક પ્રભાવ પડ્યો છે. કંપની ૫૦ જેટલાં વર્ષોથી આઈટીમાં પણ આગેવાન છે. તે બજારમાં આઈટી એપ્લિકેશન્સ, એનાલાઈટિક્સ, કન્ટેન્ટ, કલાઉડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિવારણો લાવી છે, જેણે ઉદ્યોગો આજે જે પદ્ધતિથી વેપાર કરે છે હવે ડિજિટલ ટૂલ્સ અને પ્રક્રિયાઓથી દુનિયામાં પરિવર્તન આવી રહ્યું છે ત્યારે અમે નવી હિતાચી કંપની તરીકે એકત્રિત અમારી મજબૂત ડિજિટલ નિવારણોની કંપનીઓને એકત્રિત કરી છે, જે અમારા ગ્રાહકો માટે અદભુત વેપાર પ્રભાવો પ્રદાન કરે છે અને સમાજનો ઉદ્ધાર કરે છે.

## કાર્ડિઓટ્રેક ગુજરાતમાં વિસ્તરણ કરશે

અમદાવાદ

બેંગ્લોર સ્થિત સ્ટાર્ટ અપ કાર્ડિઓટ્રેકે ગુજરાતમાં તેના વિસ્તરણની જાહેરાત કરી છે. તે હૃદય અને રક્તવાહિનીઓ સંબંધિત બીમારીઓના નિદાનમાં સૌથી શ્રેષ્ઠ છે. કંપનીએ ગુજરાતમાં વાસ્તવિક સમયમાં નિદાનનો ઉકેલ પૂરો પાડવા અમદાવાદ સ્થિત મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ ચેઈન સ્ટાર હોસ્પિટલ્સ સાથે ભાગીદારી કરી છે. આ વિસ્તરણે કાર્ડિઓટ્રેકને એઆઈ આધારિત હૃદયની સારવાર પૂરી પાડતી પાન ઈન્ડિયા કંપની બનાવી છે.ભારતના વસતી ગણતરી અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૪ ટકા પુરુષો અને ૧૯ ટકા મહિલાઓના મૃત્યુહૃદય અને રક્તિવાહિનીઓની બીમારીને કારણે થાય છે. શ્વાસોચ્છ્વાસ સંબંધિત બીમારીઓ, ક્ષય રોગ અનેકેન્સર ત્રણેય કરતાં વધુ લોકોનાં મોત હૃદયની બીમારીને કારણે થાય છે. હકીકતમાં ગુજરાત તેના સમાજની વ્યાપારિક પ્રકૃતિના કારણે સમૃદ્ધ અને વિકસિત શહેરી સંસ્કૃતિ ધરાવે છે. મીઠાઈ અને તળેલા ભોજન તરફ તેમના લગાવને કારણે અહીં લોકો હૃદયની બીમારીનો ભોગ વધુ બને છે. હૃદય સંબંધિત બીમારીની વધતી ચિંતા દૂર કરવા અને વાસ્તવિક સમયમાં કાર્ડિઆક ઉકેલના પ્રયાસ માટે સ્ટાર હોસ્પિટલ્સ સાથે ભાગીદારી કરવામાં આવી છે.'કાર્ડિઓટ્રેક સ્ટાર હોસ્પિટલને હૃદયની સંભાળમાં સક્રિય નિવારકના માર્ગ પર આગળ લઈજશે. દેશમાં હૃદય અને રક્તવાહિનીઓ સંબંધિત કેસોની ઊંચી સંખ્યા સાથે ભારતને લોકો અનેપરીવારોના જીવ બચાવવા માટે નિવારક પદ્ધતિની તાત્કાલિક જરૂર છે. કાર્ડિઓટ્રેક સાથે ગુજરાતમાં વધુલોકોના હૃદયને સ્વસ્થ બનાવવાના કામ પર અમારી નજર છે.'કાર્ડિઓટ્રેક બધા જ સ્ટાર હોસ્પિટલ્સ કેન્દ્રોમાં નિયુક્ત કરાશે. હૃદય સંબંધિત બિમારીઓ વૈશ્વિક અનેબધી જ વય જૂથમાં મૃત્યુના મુખ્ય કારણોમાંની એક છે. યોગ્ય સમયે તબીબી સહાય મેળવવામાં આવીહોત તો તેમાંથી ૫૦ ટકા મૃત્યુ અટકાવી શકાય છે. આ માટે નિવારક સારવાર અને વહેલા નિદાન સૌથીશ્રેષ્ઠ માર્ગ છે. કાર્ડિઓટ્રેક હૃદય અને રક્તવાહિનીઓ સંબંધિત બધી જ બિમારીઓ માટે ચોક્કસાઈપૂર્ણ અને સમયસર નિદાન પૂરું પાડવાનો અમને ગર્વ છે.

## એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ



અમદાવાદ

એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યૂઅર")એ ૭ નવેમ્બર, ૨૦૧૭ને મંગળવારે શેરદીઠ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૨૯૯,૮૨૭,૮૧૮ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી હતી, જેમાં હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશનનાં ૧૯૧,૨૪૬,૦૫૦ ઈક્વિટી શેર અને સ્ટાન્ડર્ડ લાઈફ (મોરેશિયસ હોલ્ડિંગ્સ) ૨૦૦૬ લિમિટેડ દ્વારા ૧૦૮,૫૮૧,૭૬૮ ઈક્વિટી શેર (સંયુક્તપણે "પ્રમોટર વિક્રેતા શેરધારકો")નાં વેચાણની ઓફર (ઓફર ફોર સેલ) તથા આ પ્રકારની ઓફર ("ઓફર") સામેલ છે. આ ઓફરમાં ૨૬૬,૮૯૫,૫૧૭ ઈક્વિટી શેરનું પબ્લિકને વેચાણ કરવાની ચોખ્ખી ઓફર ("નેટ ઓફર"), એચડીએફસી લાઈફનાં લાયક કર્મચારીઓ ("એચડીએફસી લાઈફ એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન") દ્વારા ખરીદી માટે ૨,૧૪૪,૫૨૦ ઈક્વિટીનું રિઝર્વેશન (પોસ્ટ ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૦.૧૧ ટકા હિસ્સો સામેલ છે), એચડીએફસીનાં લાયક કર્મચારીઓ ("એચડીએફસી એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન") દ્વારા ખરીદી માટે ૮૦૫,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન (પોસ્ટ ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૦.૦૪ ટકા હિસ્સો) અને એચડીએફસીનાં લાયક શેરધારકો દ્વારા ("એચડીએફસી શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન") ખરીદી માટે ૨૯,૯૮૨,૭૮૧ ઈક્વિટી શેર (પોસ્ટ-ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૧.૪૯ ટકા હિસ્સો સામેલ છે) સામેલ છે. ઓફરમાં કંપનીની ફૂલી ડાઈલ્યુટેડ પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૧૪.૯૨ ટકા હિસ્સો સામેલ હશે એટલે તમામ વેસ્ટેડ એમ્પ્લોયી સ્ટોક ઓપ્શન્સ અને કંપનીની ફૂલી વેસ્ટેડ પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૧૩.૨૮ ટકા હિસ્સો સામેલ હશે, જેમાં તમામ વેસ્ટેડ એમ્પ્લોયી સ્ટોક ઓપ્શનની કવાયત ધારવામાં આવે છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટીશેર દીઠ રૂ. ૨૭૫થી રૂ. ૨૯૦ છે. બિડ્સ લઘુતમ ૫૦ શેર માટે અને પછી ૫૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. ઓફર ૯ નવેમ્બર, ૨૦૧૭ને ગુરુવારે બંધ થઈ જશે.

## અમદાવાદના હેમેન્દ્ર શર્માએ કોન બનેગા કરોડપતિના 'જીયો ઘર બેઠે, જીતો જેકપોટ' સેગમેન્ટમાં ડટ્સન રેડી-ગો જીતી



અમદાવાદ, લોકપ્રિય ક્વિઝ શો કોન બનેગા કરોડપતિ (કેબીસી)ના વિશેષ સેગમેન્ટમાં શહેરમાં ન્યુ રેડી-ગોના પ્રથમ વિજેતા હેમેન્દ્ર શર્માની જાહેરાત કરતાં ડટ્સન ઈન્ડિયા ખુશી અનુભવે છે. હેમેન્દ્ર શર્માએ અમિતાભ બચ્ચનના ૬ ઓક્ટોબરના એપિસોડના 'જીયો ઘર બેઠે, જીતો જેકપોટ' સેગમેન્ટના દરેક પ્રશ્નનો સફળતાપૂર્વક જવાબ આપ્યો હતો અને હવે તેઓ ન્યુ ડટ્સન રેડી-ગોના માલીક છે. સેન્ટ્રલ નિસ્સાનના એમડી વિરેન્દ્રસિંહ વાઘેલા અને અન્ય ડિલરશીપે વર્ષ ૨૦૧૨માં નિસ્સાન ડટ્સનની ડિલરશીપની સ્થાપના કરી હતી અને પાંચ વર્ષના સમયગાળામાં સેલ્સ અને આફ્ટરસેલ્સમાં વિવિધ એવોર્ડ્સ પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાતમાં વિસ્તરણ કરીને નવા બેન્ચમાર્ક સ્થાપ્યાં છે.યુવા ભારતની અપેક્ષાઓને પરિપૂર્ણ કરવાના બ્રાન્ડના વિઝન સાથે તાલ મીલાવતા ડટ્સન ઈન્ડિયાએ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલીવિઝન સાથે તેના લોકપ્રિય ક્વિઝ કોન બનેગા કરોડપતિ (કેબીસી)ના વિશેષ સેગમેન્ટ માટે ભાગીદારી કરી છે. જે અંતર્ગત જીયો ઘર બેઠે, જીતો જેકપોટ સેગમેન્ટમાં પ્રશ્ન પૂછાશે અને તેનાથી દેશભરના દર્શકોને બ્રાન્ડ-ન્યુ ડટ્સન રેડી-ગો જીતવાની તક મળશે. સમગ્ર ભારતમાં કેબીસીના ચાહકો નિયત પ્લેટફોર્મ ઉપર ★એસએમએસ દ્વારા આમાં ભાગ લઈ શકે છે અને સાચો જવાબ આપનાર ૩૦ લકી વિજેતાઓને ૩૦ એપિસોડમાં ડટ્સન રેડી-ગો કાર જીતવાની તક મળશે.

## સિક્યોર ક્રિડેન્શિયલ્સ લિમિટેડનો આઈપીઓ ખૂલશે

મુંબઈ

મુંબઈ, દિલ્હી, બેન્ગલુરુ, હૈદરાબાદ અને ચંડીગઢનાં કાર્યાલયો થકી ભારતભરમાં વિવિધ કોર્પોરેટ્સ અને ક્ષેત્રોમાં એચઆર હેતુઓ માટે પરિપૂર્ણ એમ્પ્લોયી બેકગ્રાઉન્ડ સ્ક્રીનિંગમાં સંકળાયેલી મુંબઈ સ્થિત સિક્યોર ક્રિડેન્શિયલ્સ લિમિટેડ ૧ નવેમ્બર, ૨૦૧૭ના રોજ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) ખોલવાની યોજના ધરાવે છે. આ પબ્લિક ઈશ્યુ એકત્રિત રૂ. ૩૦૦૭.૩૫ લાખના ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૦૫ની કિંમતે રોકડમાં પ્રત્યેકી રૂ. ૧૦ના ફેસ વેલ્યુના ૧૪,૬૭,૦૦૦ ઈક્વિટી શેરોનો રહેશે. આમાંથી ૭૫,૦૦૦ શેરો માર્કેટ મેકર દ્વારા સબસ્ક્રિપ્શન માટે આરક્ષિત રહેશે. નેટ ઈશ્યુમાં કંપનીની સંપૂર્ણ ડાઈલ્યુટેડ પોસ્ટ- ઈશ્યુ પેઈડ અપ ઈક્વિટી શેરમૂડીના ૨૮.૪૮ ટકા રહેશે. શેરો એનએસઈ ઈમર્જ પર લિસ્ટેડ થશે. આઈપીઓ ૩ નવેમ્બર, ૨૦૧૭ના બંધ થશે. ઈન્વેચર મર્ચન્ટ બેન્કર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુની લીડ મેનેજર રહેશે.

ઈશ્યુની ચોખ્ખી પ્રાપ્તિઓવધારાની કાર્યશીલ મૂડીની આવશ્યકતાઓ, વેપાર વિસ્તરણ, સિમ્ફોની ૩.૦ સોફ્ટવેરની ખરીદી, માર્કેટિંગ અને બ્રાન્ડ નિર્માણ અને સામાન્ય કોર્પોરેટ હેતુઓને પહોંચી વળવા માટે ઉપયોગ કરાશે.સિક્યોર ક્રિડેન્શિયલ્સ લિમિટેડના સૌથી મોટા ગ્રાહકોમાં ભારતની ત્રણ અવ્વલ ખાનગી ક્ષેત્રની બેન્કો, ભારતની પાંચ અવ્વલ ખાનગી વીમા કંપનીમાંથી બે, ભારતનાં અવ્વલ ઈ-કોમર્સ સાહસોમાંથી ત્રણ, ત્રણ અવ્વલ વૈશ્વિક પાર્શ્વભૂ ધરાવતી સ્ક્રીનિંગ કંપનીમાંથી એક, ભારતમાં પાંચ અવ્વલ આઈટી કંપનીમાંથી બે, ભારતમાં પાંચ અવ્વલ બીપીઓમાંથી બે, અને ભારતની અવ્વલ રિટેઈલ સ્ટોર શૃંખલામાંથી ત્રણનો સમાવેશ થાય છે. પ્રોડક્ટો અને સેવાઓમાં એમ્પ્લોયી બેકગ્રાઉન્ડ સ્ક્રીનિંગ, સિક્યોર હેલ્લો- કર્મચારીઓ માટે ઓન- બોર્ડિંગ સેવાઓ, સીએક્સઓ લેવલ હાયરિંગ માટે ડ્યુ ડિલિજન્સ સેવાઓ, પાર્ટનર્સ, પુરવઠાકારો વગેરેનો સમાવેશ છે અને હાલમાં જ રજૂ કરાયેલી સિક્યોર નંબરના સ્વરૂપમાં બીટુસી પ્રોડક્ટનો સમાવેશ થાય છે, જે ઉમેદવારોને તેમના રિઝ્યુમ્સ સ્વ- પ્રમાણિત કરવામાં મદદ કરે છે. કંપનીની શક્તિઓમાં વ્યાપક શ્રેણીની સેવાઓ, રાષ્ટ્રીય અને વૈશ્વિક પહોંચ, ઉચ્ચ કક્ષાની ટેકનોલોજીનું ડિપ્લોયમેન્ટ અને સ્ટાન્ડર્ડાઈઝ્ડ ISO/IEC 27001:2013સર્ટિફાઈડ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

## રણવીર સિંહ આ વખતે બાળકો સાથે મસ્તી કરવા માટે સજ્જ



રણવીર સિંહ હંમેશા ચર્ચામાં રહે છે અને આ વખતે તેઓ મસ્તી અને ઉત્સાહથી તમામને આશ્ચર્યમાં મૂકી દેશે. સૂત્રોના કહેવા અનુસાર આ પ્રતિભાશાળી કલાકાર મંચ ઉપર બાળકોની સાથે મનોરંજન અને ધમાકેદાર પ્રદર્શન કરતાં જોવા મળશે. પરંતુ ક્યાં? શહેરમાં આ વર્ષના અંતે આયોજીત થનારા બાળકો માટેના અદ્વિતિય એવોર્ડ સમારોહ નિકલોડીયન કિડ્સ એવોર્ડ્સમાં તેઓ જોવા મળશે.

આ સુપરસ્ટાર ઉદ્યોગમાં સૌથી મસ્તીખોર કલાકારો પૈકીના એક છે. આથી તેમને બાળકો સાથે જોવાનો અનુભવ ખુબજ યાદગાર અને આકર્ષક રહેશે. રણવીર બાળકો અને બાળકો રણવીર પાસેથી મસ્તી અને તોફાન શીખતા જોવાની ચોક્કસ મજા પડશે અને તમામ લોકો આ ઈવેન્ટની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

સેટ ઉપરના વિશ્વસનીય સુત્રોના કહેવા અનુસાર, "રણવીર પોતાના પર્ફોર્મન્સ અંગે ખુબજ ઉત્સાહિત છે અને તેઓ પ્રથમવાર મોટી સંખ્યામાં બાળકો સાથે સ્ટેજ ઉપર જોવા મળશે. તેમને બાળકોના જોશથી ઉર્જા મળે છે અને તમામ સાથે મળીને શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપશે."

**<u>શ્રીલંકા ૩૭ દિવસનો પ્રવાસ કરશે</u>**

## ટેસ્ટ શ્રેણીનો કાર્યક્રમ...

શ્રીલંકા સામે રમાનારી ટેસ્ટ શ્રેણી માટે આજેભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીની શરૂઆત ૧૬મી નવેમ્બરથી થશે. પ્રથમ ટેસ્ટ મેચ ઈડન ગાર્ડન ખાતે રમાશે. શ્રીલંકા ૩૮ દિવસના પ્રવાસમાં ત્રણ વનડે અને ત્રણ ટ્વેન્ટી મેચો પણ રમશે. ટેસ્ટ મેચોનો કાર્યક્રમ નીચે મુજબ છે.

૧૬મી નવેમ્બરથી કોલકાતાના ઈડન ગાર્ડનમાં પ્રથમ ટેસ્ટ
૨૪મી નવેમ્બરથી નાગપુરમાં બીજી ટેસ્ટ
બીજી ડિસેમ્બરથી દિલ્હીમાં ત્રીજી ટેસ્ટ મેચ

ખેલફલક
જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## કોહલીની વિરાટ સિદ્ધિ : હવે સૌથી ઝડપી ૯૦૦૦ રન કર્યા



ન્યુઝીલેન્ડની સામે ગ્રીન પાર્ક મેદાન ઉપર આજે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં કેપ્ટન વિરાટ કોહલીએ પોતાની કેરિયરની ૩૨મી સદી ફટકારી હતી. આની સાથે જ ક્રિકેટના અનેક નવા રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. કેરિયરની ૨૦૨મી વનડે રમતા ૯૦૦૦ રનની સિદ્ધિ હાસલ કરી લીધી હતી. કેપ્ટન તરીકે સૌથી ઝડપી ૫૦૦૦ રન બનાવનાર ખેલાડી તરીકે પણ કોહલી ઉભરી આવ્યો હતો. ૧૯૪ ઈનિંગ્સમાં કોહલીએ ઉલ્લેખનીય સિદ્ધિ મેળવી છે. આ પહેલા સૌથી ઝડપી ૯૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ આફ્રિકાના ડિવિલિયર્સના નામે હતો. ડિવિલિયર્સે ૨૦૫ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. ભારત તરફથી સૌથી ઝડપી ૯૦૦૦ રન બનાવનાર બેટ્સમેનોની વાત કરવામાં આવે તો પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું નામ સૌથી પહેલા આવે છે. કોહલી પહેલા ગાંગુલીએ ૨૨૮ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી જ્યારે તેંડુલકરે ૯૦૦૦ની ક્લબમાં સામેલ થવા ૨૩૫ ઈનિંગ્સ રમી હતી.



## ઓસી.ઝડપી બોલર જોન હેસ્ટિંગ્સે ટેસ્ટ-વનડે ક્રિકેટરને અલવિદા કર્યુ



ઓસ્ટ્રેલિયાની ટીમને વધુ એક ઝટકો લાગ્યો છે. ઝડપી બોલર જોન હેસ્ટિંગ્સે ૩૧ વર્ષની ઉંમરમાં ટેસ્ટ અને વન ડે ક્રિકેટને અલવિદા કહ્યું છે. હેસ્ટિંગ્સે શુક્રવારે સંન્યાસની જાહેરાત કરી હતી. જો કે, તે ઓસ્ટ્રેલિયા તરફથી ટ્વેન્ટી-૨૦ મેચ રમવાનું ચાલુ રાખશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ વાતની જાણકારી આપી હતી.

મીડિયા અહેવાલમાં હેસ્ટિંગ્સના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, ચાર વખત ખબાની ઈજા, ચાર વખત એડીના ઓપરેશન કરાવવા અને ઘૂટણના ઓપરેશને મને કમજોર કરી દીધો છે. શરીર સાથ નથી આપી રહ્યું અને જ્યારે પણ હું ચાર દિવસીય કે વન ડે ક્રિકેટમાં વાપસીનો પ્રયાસ કરું છું તો એવું લાગે છે કે, કશું ગુમાવી દીધું છે. તેણે આગળ કહ્યું કે, આ મુશ્કેલ નિર્ણય છે, એક એવો નિર્ણય છે,જે લઈ શકાય તેમ નથી પરંતુ, મેં નિર્ણય લીધો છે કે, હું લાંબા ફોર્મેટથી અંતર બનાવીશ અને ટ્વેન્ટી-૨૦ પર ધ્યાન આપીશ.

ઉલ્લેખનીય છે કે, હેસ્ટિંગ્સે ૨૦૧૬માં વન ડે ક્રિકેટમાં ટોપ બોલર હતો. તેણે ૨૦૧૬માં ૧૫ મેચ રમીને ૨૯ વિકેટ લીધી હતી. જ્યારે એક ટેસ્ટ મેચ રમનાર આ ખેલાડીએ માત્ર ૧ જ વિકેટ લીધી છે. ઉપરાંત ૨૯ વન ડેમાં તેણે ૪૨ વિકેટ પોતાના નામે કરી છે. તેણે ૨૦૧૨માં દક્ષિણ આફ્રિકા સામે ડેબ્યુ કર્યું હતું. વન ડેમાં તેણે પોતાની પ્રથમ મેચ ૨૦ ઓક્ટોબર ૨૦૧૦માં ભારત સામે રમી હતી. ઉપરાંત નવ ટ્વેન્ટી-૨૦ મેચમાં ૭ વિકેટ લીધી છે.

# શ્રીલંકા સામે ટેસ્ટ શ્રેણી માટે ટીમ જાહેર : મુરલી વિજયનો સમાવેશ

**ટીમ સ્પીરીટ**

**અશ્વિન, જાડેજા અને કુલદીપ યાદવ સ્પીનર તરીકેની જવાબદારી સંભાળશે વાઈસ કેપ્ટન તરીકે રહાણેની નિમણૂંક : ૧૬મી નવેમ્બરથી પ્રથમ ટેસ્ટ મેચ**

શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી અને ન્યુઝીલેન્ડ સામે રમાનારી ટ્વેન્ટી શ્રેણી માટે ટીમં ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ હાલમાં ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવ્યો હતો. શ્રીલંકા સામે રમાનારી ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં ઓપનિંગ બેટ્સમેન મુરલી વિજયનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે રહાણેને ટીમના વાઈસ કેપ્ટન તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી છે.ટીમમાં અભિનવ મુકુન્દની જગ્યાએ મુરલી વિજયની વાપસી થઈ છે. સતત ત્રણ વનડે શ્રેણીથી બહાર રહેનાર સ્પીનર રવિન્દ્ર જાડેજા, આર. અશ્વીનનો ટીમમાં સામાવેશ કરવામાં આવ્યો છે. શ્રીલંકાના પ્રવાસમાં એક પણ ટેસ્ટ મેચ નહી રમનાર રોહિત શર્મા પોતાની જગ્યાને જાળવી રાખવામાં સફળ રહ્યો છે. કુશળ સ્પીનર કુલદીપ યાદવને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. જ્યારે ઉમેશ યાદવ, મોહમ્મદ સામી, ભુવનેશ્વર કુમાર અને ઈશાંત શર્મા ઝડપી આક્રમણની જવાબદારી સંભાળનાર છે. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પાંચમા વિકલ્પ તરીકે રહ્યો છે. શ્રેણી માટે રહાણેને વાઈસ કેપ્ટન બનાવી દેવામાં આવ્યો છે. મુરલી વિજયે છેલ્લે માર્ચ મહિનામાં ટેસ્ટ મેચ રમી હતી. રાઈટ રિસ્ટમાં ઈજા થવાના કારણે તે શ્રીલંકામાં ત્રણેય ટેસ્ટ મેચમાં રમી શક્યો ન હતો. ત્યારબાદથી તે સ્પર્ધાત્મક ક્રિકેટમાં પણ રમી રહ્યો ન હતો. તે હાલમાં ખુબ ઓછી મેચો રમી રહ્યો હતો. દુલીપ ટ્રોફી ગેમાં બે ઈનિગ્સમાં મુરલી વિજય ૧૭ રન કરી શક્યો હતો. તે પાંચ વિકેટ પણ લઈ શક્યો હતો. તમિળનાડુ માટે અગાઉ મુરલી વિજયે ચાર અને ૫૫ રન કર્યા હતા. શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી ૧૬મી નવેમ્બરથી શરૂ થનાર છે. જે પૈકી પ્રથમ ટેસ્ટ મેચ કોલકત્તાના ઈડન ગાર્ડન ખાતે રમાશે. ત્યારબાદ ૨૪મી નવેમ્બરના દિવસથી નાગપુરમાં બીજી ટેસ્ટ મેચ રમાનાર છે. બીજી ડિસેમ્બરથી દિલ્હીમાં ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ રમાનાર છે. શ્રીલંકાની ટીમ ભારતમાં સંપૂર્ણ પ્રવાસે આવનાર છે. તે ભારતની સામે ત્રણ ટ્વેન્ટી મેચો અને ત્રણ વનડે મેચો પણ રમનાર છે. સમગ્ર પ્રવાસ ૩૭ દિવસ સુધી ચાલનાર છે.બીજી બાજુ ન્યુઝીલેન્ડની સામે ટ્વેન્ટી શ્રેણી માટે ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ટીમમાં મુંબઈના ટોપ ઓર્ડર બેટ્સમેન શ્રેયસ અય્યરનો સમાવેશ કરવામાં આવ્યો છે. હૈદરાબાદના ઝડપી બોલર મોહમ્મદ સિરાઝને પ્રથમ વખત તક આપવામાં આવી છે.વ્યાપક વિચારણા કરવામાં આવ્યા બાદ ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. ટીમમાં વધારે મોટા ફેરફાર કરવામાં આવ્યા નથી. મુરલી વિજયની જેમ જ ભારતની ટેસ્ટ ટીમના અન્ય કેટલાક સભ્યો પણ શ્રીલંકાના પ્રવાસ બાદથી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રમ્યા નથી. ચેતેશ્વર પુજારા ઈંગ્લેન્ડમાં નોટિંગ્હામ શાયર તરફથી રમીને આવ્યો છે. પુજારાએ ૧૨ ઈનિંગ્સમાં ૩૩૩ રન કર્યા હતા. ત્યારબાદ રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર તરફથી રમતા પુજારાએ ૩૫ અને ૧૧ રન બનાવ્યા હતા. બીજી બાજુ રિદ્ધિમાન સહા માત્ર બે રણજી મેચો રમ્યો છે જેમાં ૫૫ અને ૧૫ રન બનાવ્યા છે. છ કેચો ઝડપ્યા છે. અશ્વિન પણ ઓગસ્ટ બાદથી એકમાત્ર ફર્સ્ટક્લાસ મેચ રમ્યો છે. શ્રીલંકાની શ્રેણી

**અનુસંધાન પાન નં.૬ ઉપર**

**સ્પોર્ટસ ક્વીઝ** ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં એશિયન કપ મેન્સ હોકી ટુર્નામેન્ટનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૨. હાલમાં જ કયા ખેલાડીની મેજીકલ હેટ્રીકથી આર્જેન્ટીનાએ ૨૦૧૮ ફીફા વર્લ્ડકપ માટે કવોલીફાય કરી લીધું હતું ?

૩.કેટલા વર્ષ બાદ અમેરીકાની ટીમ ૨૦૧૮ ફિફા વર્લ્ડકપ માટે કવોલીફાય થવામાં નિષ્ફળ રહી હતી ?

૪. અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતની બીજી મેચ કયા દેશ સામે હતી ? કઈ ટીમ વિજેતા બની હતી ?

૫. અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતની ત્રીજી મેચ કયા દેશ સામે હતી ? કઈ ટીમ વિજેતા બની હતી ?

૬. હાલમાં જ બેંગાલુરૂ મુકામે આયોજીત ફુટબોલ સ્પર્ધામાં કયા દેશને હરાવીને ભારતન સીનીયર ફુટબોલની ટીમ આઠ વર્ષ બાદ એશિયન કપ ફુટબોલ માટે કવોલીફાય કરી લીધું હતું ?

૭. એશિયન કપ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન કયારે અને કયાં કરવામાં આવશે ?

૮. ભારતના ટેનીસ ખેલાડી લીએન્ડર પેસે કયા ઓલિમ્પિકમાં ભારત માટે કાંસ્યચંદ્રક પ્રાપ્ત કર્યો હતો ?

૯. ૨૦૧૪ ફુટબોલ વર્લ્ડકપમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરનાર દેશ કયો હતો ?

૧૦. ૨૦૧૪ રીયો ડી જાનેરો ઓલિમ્પિક રમતોત્સવમાં કેટલા દેશોએ ભાગ લીધો હતો ?

૧૧. અત્યાર સુધી ઓલિમ્પિકમાં સીલ્વર મેડલ પ્રાપ્ત કરનાર એક માત્ર ભારતીય મહિલા ખેલાડી કોણ છે ?

૧૨. ૨૦૧૪ એશિયન ગેમ્સમાં ભારતની પુરૂષ કબડ્ડી ટીમ સતત કેટલામી વાર ગોલ્ડમેડલ જીતે છે ?

૧૩. હાલમાં જ ભારતમાં આયોજીત અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારત તરફથી એક માત્ર ગોલ કરનાર ખેલાડી કોણ ?

જવાબ :

૧.હાલમાં એશિયન કપ મેન્સ હોકી ટુર્નામેન્ટનું આયોજન બાંગ્લાદેશમાં ઢાકા મુકામે કરવામાં આવ્યું હતું.

૨. હાલમાં જ લાયોનેલ મેસીની મેજીકલ હેટ્રીકને કારણે ખેલાડીની મેજીકલ હેટ્રીકથી આર્જેન્ટીનાએ ૨૦૧૮ ફીફા વર્લ્ડકપ માટે કવોલીફાય કરી લીધું હતું.

૩.૧૯૮૬ ના વર્ષ બાદ અમેરીકાની ટીમ ૨૦૧૮ ફિફા વર્લ્ડકપ માટે કવોલીફાય થવામાં નિષ્ફળ રહી હતી.

૪. અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતની બીજી મેચ કોલંબિયા દેશ સામે હતી તથા કોલંબિયા ૨-૧ ગોલથી વિજેતા બની હતી.

૫. અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતની ત્રીજી મેચ ઘાના દેશ સામે હતી અને ઘાના ૪-૦ ગોલથી વિજેતા બની હતી.

૬. હાલમાં જ બેંગાલુરૂ મુકામે આયોજીત ફુટબોલ સ્પર્ધામાં મકાઉને ૪-૦ ગોલથી દેશને હરાવીને ભારતન સીનીયર ફુટબોલની ટીમ આઠ વર્ષ બાદ એશિયન કપ ફુટબોલ માટે કવોલીફાય કરી લીધું હતું.

૭. એશિયન કપ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન યુએઈમાં અને ૨૦૧૯માં કરવામાં આવશે.

૮. ભારતના ટેનીસ ખેલાડી લીએન્ડર પેસે ૧૯૯૬ એટલાન્ટા ઓલિમ્પિકમાં ભારત માટે કાંસ્યચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

૯. ૨૦૧૪ ફુટબોલ વર્લ્ડકપમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરનાર દેશ બ્રાઝીલ દેશ હતો.

૧૦. ૨૦૧૪ રીયો ડી જાનેરો ઓલિમ્પિક રમતોત્સવમાં ૨૦૭ દેશોએ ભાગ લીધો હતો.

૧૧. અત્યાર સુધી ઓલિમ્પિકમાં સીલ્વર મેડલ પ્રાપ્ત કરનાર એક માત્ર ભારતીય મહિલા ખેલાડી પી.વી.સીંધુ છે.

૧૨. ૨૦૧૪ એશિયન ગેમ્સમાં ભારતની પુરૂષ કબડ્ડી ટીમ સતત સાતમી વાર ગોલ્ડમેડલ જીતે છે.ક

૧૩. હાલમાં જ ભારતમાં આયોજીત અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારત તરફથી એક માત્ર ગોલ કરનાર ખેલાડી જેકસન થોઉનાએજેક છે.બ

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

## ટેસ્ટમેચના પ્રથમ દિવસે લંચ પહેલા સદી નોંધાવનાર બેટસમેનો

**ખેલના મેદાનમાંથી** કમલેશ કંસારા





ટેસ્ટમેચના પ્રથમ દિવસે લંચ પહેલાં સદી પુરી કરનાર ડેવિડ વોરનર વિશ્વનો પાંચમો બેટસમેન બનેલ છે. ટેસ્ટમેચના પ્રથમ દિવસે આ રેકોર્ડ બનાવનાર આ સદીમાં વોરનર પ્રથમ બેટસમેન છે. વીસમી સદીમાં આ રેકોર્ડને માત્ર ચાર બેટસમેનોએ બનાવ્યો હતો. આ રેકોર્ડ લગભગ ૪૦ વરસ સુધી નોંધાયો હતો.

વિવરીચર્ડસ અને વિરેન્દ્ર સહેવાગ જેવા ધુરંધર ગણાતા બેટસમેનો પણ ટેસ્ટના પ્રથમ દિવસે લંચ પહેલાં સદી નહોતા બનાવી શકયા. કદાચ માની શકાય કે વિવ રીચર્ડસ મધ્યમ ક્રમનો બેટસમેન હોવાથી તેના માટે આ શકય નહોતું પરંતુ વિરેન્દ્ર સહેવાગને માટે તો ઘણી તક હતી. આ રેકોર્ડ બનાવવાની પરંતુ વિરેન્દ્ર સહેવાગે આ રેકોર્ડ કેમ ના બનાવ્યો તે એક પ્રશ્ન હતો.

જે બેટસમેનોએ આ રેકોર્ડ બનાવ્યો છે તેમાં વિકટર ટુંપર, ચાર્લી મૈકકાર્ટિની, ડોન બ્રેડમેન, માજીદખાન અને ડેવીડ વોરનરના નામ મોખરે છે. એમાં દરેક બેટસમેનોએ પોતાના અલગ અંદાજમાં સદી ફટકારી હતી અને દરેક બેટસમેન પોતાના અંદાજમાં જોરદાર બેટસમેનો હતા.

સૌથી પ્રથમ આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના વિકટર ટુંપરે ૧૯૦૨ માં માન્ચેસ્ટર ટેસ્ટમાં બનાવ્યો હતો. એમણે લંચ પહેલાં ૧૦૮ મીનીટમાં પોતાની સદી પુરી કરી હતી. લંચ સમયે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ઓસ્ટ્રેલિયાએ ૧ વિકેટે ૧૭૩ રન નોંધાવ્યા હતા. જેમાં ટ્રંપરના અણનમ ૧૦૩ રન હતા. એમણે આર.એ.ડફની સાથે પ્રથમ વિકેટની ભાગીદારી ૭૮ મીનીટમાં ૧૩૫ રન નોંધાવ્યા હતા. એ સમયે ઓસ્ટ્રેલિયા માટે પ્રથમ વિકેટની રેકોર્ડ ભાગીદારી હતી. કેટલાય વરસો સુધી કોઈપણ બેટસમેન ટ્રંપરના આ રેકોર્ડની બરાબરી નહોતી કરી.

૧૯૨૬ માં ચાર્લી મૈકકાર્ટીનીએ આ રેકોર્ડનું પુનરાવર્તન કર્યું. સંયોગથી આ રેકોર્ડ ફરીથી ઈંગ્લેન્ડમાં બન્યો અને ટીમ હતી ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની. મૈકકાર્ટીની આ ટેસ્ટમાં ઓપનીંગ બેટસમેન નહોતો. દાવની શરૂઆત તો ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ડબલ્યુ બાર્ડસ્લેએ કરી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયાનો સ્કોર શુન્ય રન પર હતો ત્યારે જ બાર્ડસ્લેની વિકેટ પડી પરંતુ ત્યાર બાદ બિલવુડફુલની સાથે ચાર્લી મૈકકાર્ટીની જોડાતા માત્ર ચોથા બોલે મૈકકાર્ટીનીનો કેચ છોડતા એમણે પુરેપુરો ફાયદો ઉઠાવતાં ૧૦૩ મીનીટમાં ઓસ્ટ્રેલિયાની ટીમે ૧૩૧ રન બનાવ્યા. જેમાં ૧૦૦ રન મૈકકાર્ટીનીના હતા. એમણે લંચ પહેલાં ૧૧૬ મીનીટમાં અણનમ ૧૧૨ રન નોંધાવ્યા હતા.

વિશ્વ ક્રિકેટમાં સર ડોન બ્રેડમેનના રેકોર્ડની કોઈ પણ બરાબરી કરી શકે તેમ નથી. ધુરંધર બેટસમેન બ્રેડમેને ઘણીવાર પોતાની ટીમ તરફથી ઓપનીંગ બેટસમેનની ભૂમિકા ભજવી છે. ૧૯૩૦ માં લીડસની ટેસ્ટમાં ઈંગ્લેન્ડ વિરૂદ્ધની ટેસ્ટમાં બ્રેડમેને એક અનોખો રેકોર્ડ બનાવ્યો હતો. તેમણે લંચ પહેલાં ૧૦૦ રન, લંચ અને ટી ના સમયમાં ૧૦૦ રન અને છેલ્લા સત્રમાં પણ ૧૦૦ રનની નજીક પહોંચી ગયા હતા.

ટોસ ઓસ્ટ્રેલિયાએ જીતતા પ્રથમ બેટીંગનો ફેંસલો લેતા માત્ર ૨ રને જેકશન આઉટ થતાં બ્રેડમેન બેટીંગમાં આવ્યા હતા. બ્રેડમેને લંચ સુધી ૧૦૫ રન, લંચ અને ટીની વચ્ચે ૧૧૫ રન અને અંતિમ સત્રમાં ૮૯ રન બનાવ્યા હતા. દિવસની રમતના અંતે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૩ વિકેટે ૪૫૮ નો હતો. જેમાં ડોન બ્રેડમેન ૩૦૯ રને અણનમ હતા. બ્રેડમેને આ ટેસ્ટમાં ૩૩૪ રન બનાવતાં એમણે ૭ ટેસ્ટની ૧૩ ઈનીંગ્સમાં ૧૦૦૦ રન પુરા કર્યા હતા. બ્રેડમેને કુલ ૩૮૩ મીનીટ બેટીંગ કરી હતી અને ૪૬-૪ ફટકાર્યા હતા.

જે પાંચ બેટસમેનોએ પહેલા દિવસે લંચ પહેલાં સદી લગાવવાનો રેકોર્ડ બનાવ્યો છે. એમાં ચાર ખેલાડી તો ઓસ્ટ્રેલિયાના છે. જ્યારે એક અન્ય ખેલાડી પાકિસ્તાનનો માજીદખાન છે. જેમણે ૧૯૭૬-૭૭ માં કરાંચીમાં રમાયેલ ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટમાં લંચ પહેલાં સદી લગાવી હતી. ટેસ્ટ મેચમાં મુશતાકે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરતા. માજીદખાને પ્રથમ બોલથી જ રન બનાવવાની શરૂઆત કરી દીધી હતી. માજીદખાને ૭૪ બોલમાં ૧૧૩ મિનીટ રમીને ૧૦૦ રન બનાવ્યા હતા અને લંચ સમયે માજીદે ૧૦૮ રને અણનમ હતા.

## સ્વિસ ટેનિસ સ્ટાર માર્ટિના હિંગિંસે અંતે નિવૃત્તિ લીધી

**ટર્નીંગ પોઈન્ટ**



**હિંગિસે પાંચ ગ્રાન્ડસ્લેમ સિંગલ્સ તેમજ ૧૩ ગ્રાન્ડસ્લેમ ડબલ્સ ટાઈટલ અને ૭ મિક્સ્ડ ડબલ્સ ટાઈટલ જીત્યા**

**નિવૃત્તિથી એક શાનદાર કેરિયરનો અંત આવ્યો**

સ્વિસ ટેનિસ સ્ટાર માર્ટિના હિંગિંસે પોતાની નિવૃત્તિની ઘોષણા કરી દીધી છે. આની સાથે જ એક એવા કેરિયરની પૂર્ણાહૂતિ થઈ છે જેમાં તે ૧૯૯૦ના દશકમાં કિશોરી તરીકે સુપર સ્ટાર બની હતી અને ત્યારબાદ ૨૦ વર્ષ પછી ડબલ્સમાં નંબર વન બની હતી. ૩૭ વર્ષીય માર્ટિના હિંગિંસ આ પહેલા બે વખત નિવૃત્તિ લઈ ચુકી છે. એક વખતે કોકિન માટે કરવામાં આવેલા પરીક્ષણમાં પોઝિટિવ આવ્યા બાદ ટેનિસમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. માર્ટિના હિંગિંસે કહ્યું છે કે, સિંગાપોરમાં ચાલી રહેલી ડબલ્યુટીએ ફાઈનલ તેની અંતિમ સ્પર્ધા છે. હિંગિંસ ચાન યાંગની સાથે મળીને રમી રહી છે. તેનું કહેવું છે કે, હવે નિવૃત્તિ લીધા બાદ તે પરત ફરવાની યોજના ધરાવતી નથી. તેનું કહેવું છે કે, નિવૃત્તિ લેવાનો આ મુખ્ય સમય છે. સ્વિસ પ્રોફેશનલ ટેનિસ ખેલાડી હાલમાં ડબલ્સમાં નંબર વન ખેલાડી છે. સિંગલ્સમાં પ્રથમ ક્રમાંક ઉપર માર્ટિના હિંગિંસ ૨૦૯ સપ્તાહ સુધી રહી હતી અને પાંચ ગ્રાન્ડસ્લેમ સિંગલ્સ ટાઈટલ જીત્યા હતા. ૧૩ ગ્રાન્ડસ્લેમ મહિલા ડબલ્સ ટાઈટલ જીત્યા હતા.

**અનુસંધાન પાન નં.૬ ઉપ**

## ફોર્બ્સ: વિરાટ કોહલીએ કમાણી મામલે ફૂટબોલર લાયોનેલ મેસ્સીને પછાડ્યો



**કોહલી સાતમા તો મેસ્સી નવમા ક્રમે,પ્રથમ ક્રમે રોજર ફેડરર**

**ફોર્બ્સ: વિરાટ કોહલીએ કમાણી મામલે ફૂટબોલર લાયોનેલ મેસ્સીને પછાડ્યો**

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ કમાણી મામલે ફૂટબોલર લાયોનેલ મેસ્સીને પછાડ્યો છે. ફોર્બ્સે વિશ્વના જાણીતા પ્લેયરની યાદી જાહેર કરી હતી. આ યાદી ખેલાડીઓની કમાણી (વેતન, બોનસ અને એન્ડોર્સમેન્ટની રકમ)ના આધારે તૈયાર કરવામાં આવી છે. આ યાદીમાં સ્વિત્ઝરલેન્ડનો ટેનિસ પ્લેયર રોજર ફેડરર નંબર વન પર છે.

ફોર્બ્સની નવી યાદીમાં રોજર ફેડરર ૩૭.૨ મિલિયન ડોલરની કમાણી સાથે નંબર વન પર છે. જ્યારે જમૈકાનો એથલીટ ઉસેન બોલ્ટ ત્રીજા અને ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ચોથા નંબર પર છે. બાસ્કેટબોલ પ્લેયર લેબ્રોન જેમ્સ ૩૩.૪ મિલિયન ડોલરની કમાણી સાથે રોજર ફેડરર પછી બીજા સ્થાન પર છે. ફોર્બ્સની આ યાદીમાં વિરાટ કોહલી (૧૪.૫ મિલિયન ડોલર) સાથે સાતમા સ્થાન પર છે જ્યારે લાયોનેલ મેસ્સી નવમાં સ્થાન પર છે.

ફોર્બ્સની સ્પોર્ટ્સ પ્લેયરની કમાણી

| ક્રમ | પ્લેયરનું નામ | કમાણી |
|---|---|---|
| ૧ | રોજર ફેડરર | ૩૭.૨ મિલિયન ડોલર |
| ૨ | લેબ્રોન જેમ્સ | ૩૩.૪ મિલિયન ડોલર |
| ૩ | ઉસેન બોલ્ટ | ૨૭ મિલિયન ડોલર |
| ૪ | ક્રિસ્ટિયાનો રોનાલ્ડો | ૨૧.૫ મિલિયન ડોલર |
| ૫ | ફિલ મિકેલસન | ૧૯.૬ મિલિયન ડોલર |
| ૬ | ટાઈગર વુડ્સ | ૧૬ મિલિયન ડોલર |
| ૭ | વિરાટ કોહલી | ૧૪.૫ મિલિયન ડોલર |
| ૮ | રોકી મેકલેરોય | ૧૩.૬ મિલિયન ડોલર |
| ૯ | લાયોનેલ મેસ્સી | ૧૩.૫ મિલિયન ડોલર |
| ૧૦ | સ્ટીફન કરી | ૧૩.૪ મિલિયન ડોલર |

## શ્રેયસ અય્યરે સચિનના ૨૧ વર્ષ જુના રેકોર્ડની કરી બરાબરી

(જી.એન.એસ) મુંબઈ

હાલમાં ચાલી રહેલ રણજી સીઝનમાં શ્રેયસ અય્યર શાનદાર ફોર્મમાં નજરે આવી રહ્યો છે. ૨૨ વર્ષના આ મુંબઈના ખેલાડીએ તમિલનાડૂ વિરૂદ્ધ રમાઈ રહેલ ગ્રુપ-સી મેચમાં શાનદાર સદી ફટકારી હતી. જોકે, ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ બંને મેચમાં તેનું બેટ જોઈએ તેવું ચાલ્યું નથી. આ બંને મેચમાં તે ૨૪ અને ૧૭ રનની જ ઈનિંગ રમી શક્યો હતો.

બાન્દ્રા કુર્લા કોમ્પલેક્સ મેદાન પર અય્યરે મુંબઈની બીજી ઈનિંગ દરમિયાન ૧૨૪ બોલમાં ૧૩૮ રનની શાનદાર પાર્ટનરશીપ કરી, જેમાં તેને ૯ સિક્સ ફટકારી હતી. અય્યર એક મોટા રેકોર્ડ આગળ વધી રહ્યો હતો પરંતુ ખરાબ રીતે તે રન આઉટ થઈ ગયો હતો. રણજી ઈતિહાસમાં મુંબઈ તરફથી કોઈ ઈનિંગમાં સૌથી વધારે સિક્સ લગાવવા બાબતે શ્રેયસે સચિન તેંડૂલકરની બરાબરી કરી લીધી હતી.

સચિને ૧૯૯૬માં રણજીની મેચ દરમિયાન એક ઈનિંગમાં ૯ સિક્સ ફટકારી હતી. મુંબઈ તરફથી રણજીમાં સૌથી વધારે સિક્સ લગાવવાનો રેકોર્ડ રવિશાસ્ત્રીના નામે છે. રવીશાસ્ત્રીએ ૧૯૮૫માં વડોદરા વિરૂદ્ધ ૧૨૩ બોલમાં ૨૦૦ રનની ઈનિંગ રમી હતી, આ દરમિયાન તેમને ૧૩ સિક્સ ફટકારી હતી. આ મેચમાં જ તેમને તિલક રાજની એક ઓવરના બધા જ બોલ પર સિક્સ ફટકારીને એક ઓવરમાં ૬ સિક્સ ફટકારવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

## ગુજરાત ચૂંટણીને...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સરળ બને એ માટે ખાસ પ્રકારની તાલિમ આપવામા આવી રહી છે.તેમણે કહ્યુ કે,રાજયમાં ડિસેમ્બરમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.જેના ભાગરૂપે આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.જે અંતર્ગત ચૂંટણી તંત્ર દ્વારા રાજયના તમામ ૩૩ જિલ્લાઓમાં ૩૧ ઓકટોબર સુધીમાં જાહેર મિલ્કત પરથી ૧,૬૩,૧૯૫ અને ખાનગી મિલ્કત પરથી ૧૬,૧૦૭ એમ કુલ-૧,૭૯,૮૯૬ જેટલા પોસ્ટર્સ,બેનર્સ અને દિવાલ પરના લખાણો હટાવવામા આવ્યા છે.જે પૈકી અમદાવાદ શહેર,જિલ્લામાંથી સૌથી વધુ ૫૯,૧૨૫ પોસ્ટર્સ,બેનર્સ અને દિવાલ પરના લખાણો જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા દુર કરવામા આવ્યા છે.ચૂંટણી પ્રક્રીયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય એ માટે જે કવાયત હાથ ધરવામા આવી છે તે મુજબ,રાજયમાં હાલમા કુલ ૫૬,૪૦૬ પરવાનેદાર હથિયાર ધારકો છે.જે પૈકી રિવ્યુ કમિટીના રિવ્યુ બાદ કુલ ૨૪૨૬૮ પરવાના હથિયારો જમા કરાવવામા આવ્યા છે જયારે ૨૨૭ પરવાના રદ કરવામા આવ્યા છે.

## પાટીદારો ફરી...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સમાજના ગુમરાહ થયેલા યુવાઓને સમયની સાથે સાચી વાતનું ભાન કરાવાશે અને તેમને પાછા સમાજમાં સાચી દિશાએ લવાશે.

પાટીદાર વડીલ આગેવાનોએ પાટીદાર અનામત આંદોલનને પૂર્ણ કરવાની જાહેરાત કરવાની સાથે સાથે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, પાટ-ીદાર સમાજની બંધારણીય રીતે ઓબીસીમાં અનામતની મૂળ માંગણી અને લડત ચાલુ રહેશે. રાજય સરકારે બંધારણીય અને કાયદાકીય રીતે આ મામલે કેવી રીતે સુખદ ઉકેલ આવી શકે તેમ છે તે દિશામાં નિરાકરણ લાવવા પ્રયાસ કરી રહી છે અને અમે તેની રાહ જોઇ રહ્યા છીએ. આ સિવાય ક્રિમીલેયરની મર્યાદા છ લાખથી વધારી રૂ. આઠ લાખ કરવાની માંગણી પણ સમાજ તરફથી કરાઇ છે. સરકારે પાટીદાર સમાજની માંગણીઓ મહ્દઅંશે સ્વીકારી છે અને ૯૦ ટકા સમાજ સરકારના વલણથી સંતુષ્ટ છે.

## દેવ ઉઠી ...

**પાના નં.૮ ચાલુ**

મળશે. દર વર્ષે નવેમ્બર માસથી એપ્રિલ માસ એટલે કે કારતક મહિનાની દેવઉઠી એકાદશીથી જ લગ્નોની મોસમનો પ્રારંભ થઈ જાય છે. પણ આ વર્ષે લગ્નોના મુહુર્તે બહુ ઓછા હોવાનું જાણવા મળ્યું છે. કારતક અને માગસર માસમાં મોટેભાગે શહેરી વિસ્તારોમાં બહોળા પ્રમાણમાં માંગલિક પ્રસંગો ઉજવાતા હોય છે. આ સમય દરમિયાન શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામ્ય પ્રદેશોમાં બહુ ઓછા પ્રમાણમાં માંગલિક કાર્યો થતા હોય છે. તેનું એક કારણ એ છે. ગ્રામ્ય પ્રદેશોમાં આ સમય દરમ્યાન ખેતીની સીઝન ચાલતી હોય છે જેથી ખેતીની સિઝન બાદ ગ્રામ્ય પ્રદેશોમાં લગ્નોની મોસમ પ્રારંભ થતી હોય છે. તેમ છતાં શહેરી વિસ્તારોના દેખાદેખીમાં ગ્રામ્ય પ્રદેશોમાં પણ દેવઉઠી એકાદશી બાદ લગ્નોની શરૂઆત કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષે જી.એસ.ટી. ના ભારણ વચ્ચે લગ્નોની મોસમ કેવી જામશે. ?તેના પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. સાથે સાથે ગુજરાત વિધાનસભાની ચુંટણી પણ જાહેર થઈ જતાં લગ્નોની મોસમ વચ્ચે ચુંટણીના માહોલના પગલે પ્રજાજનોમાં પણ અનેક પ્રકારે તકલીફનો સામનો પણ કરવો પડશે પણ અત્યારે લગ્નસરાની સીઝનનો પ્રારંભ થઈ જતાં પ્રજાજનો શહેરી વિસ્તારમાં માંગલિક કાર્યોની ખરીદીમાં લાગી ચૂક્યા છે ત્યારે માંગલિક પ્રસંગોની શરૂઆત થતા કર્મકાંડી ભુદેવો સહિત ફોટોગ્રાફર ડી.જે. બેન્ડવાજા, રસોઈયા સહિતના ધંધા સાથે લોકો પણ માંગલિક પ્રસંગોને લઈ તૈયારીઓ કરી રહ્યા છે.

# ગ્રીનસીટીની ગુલબાંગો વચ્ચે ૫૮૪૦ વૃક્ષો દુર કરી દેવાયા

અમદાવાદ

એક તરફ અમદાવાદ શહેરને હરિયાળુ બનાવવાના આયોજનો કાગળ ઉપર મ્યુનિસિપલ તંત્ર તરફથી કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ બહાર આવેલા ચોંકાવનારા ઘટસ્ફોટમાં અમદાવાદ શહેરમાં ચાલી રહેલા મેટ્રો રેલ પ્રોજેકટ સહીતના અન્ય પ્રોજેકટોને કારણે સાત વર્ષમાં કુલ મળીને ૫,૮૪૦ ઉપરાંત વૃક્ષો દુર કર્યા છે.આ અંગે મળતી માહીતી અનુસાર,રાજયના વન વિભાગ તરફથી અમદાવાદ શહેરમાં નાના કે મોટા મળીને કુલ કેટલા વૃક્ષો આવેલા છે આ અંગે ટ્રીસેન્સસની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ ગણતરી બાદ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં એ વર્ષમાં કુલ મળીને ૬.૧૮ લાખ વૃક્ષો હયાત હતા.આ પછીના ઘટનાક્રમમાં અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચાલી રહેલી બીઆરટીએસ કોરીડોરની કામગીરી હોય અથવા તો મેટ્રો રેલ પ્રોજેકટને લગતી કાર્યવાહી પ્રોજેકટોને પુરા કરવા મામલે શહેરના વૃક્ષો કાપ્યા છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના એક સિનીયર અધિકારીના કહેવા પ્રમાણે મ્યુનિસિપલ તંત્ર દ્વારા ડ્રેનેજ લાઈન નાંખવા,હાઉસીંગ પ્રોજેકટ માટે તેમજ ફલાય ઓવર બનાવવા માટે પણ વૃક્ષોને દુર કરાયા છે.કોઈ પણ એક વૃક્ષને ઉછેરતા સહેજ પણ ૧૫ કે ૨૦ વર્ષ જેટલો સમય પસાર થઈ જતો હોય છે આ પરિસ્થિતિમાં અમદાવાદ શહેરના દક્ષિણ ઝોન,નવા પશ્ચિમ ઝોન અને ઉત્તરઝોનમાં સૌથી વધુ વૃક્ષો પ્રોજેકટોના નામે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જ દુર કરવામાં આવ્યા હોવાનું પણ ખુલવા પામ્યુ છે. વર્ષ-૨૦૧૫-૧૬માં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ મળીને ૨૨૦૦ જેટલા વૃક્ષો કાપવામાં આવ્યા હતા.આ ઉપરાંત વર્ષ-૨૦૧૬-૧૭ સુધીમાં અત્યાર સુધીમાં કુલ મળીને ૭૫૬ જેટલા વૃક્ષો ઈન્કમટેકસ ફલાય ઓવર,અંજલિ ફલાય ઓવર કે પછી રોડ પહોળો કરવાના નામે કાપવામાં આવ્યા છે.મ્યુનિસિપલ સૂત્રોના કહેવામાં આવ્યા મુજબ,વર્ષ-૨૦૧૦માં અમદાવાદ શહેરમાં વૃક્ષોની કરવામાં આવેલી ગણતરી બાદથી અત્યાર સુધીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ મળીને ૫,૮૪૦ જેટલા વૃક્ષો કાપવામાં આવ્યા છે.

# નરોડા : સફાઈ કામદારોને પગાર ન ચૂકવાતા પ્રદર્શન

અમદાવાદ

અમદાવાદ શહેરના ઉત્તરઝોનમાં આજે સવારના સુમારે સફાઈ કામદારો મોટી સંખ્યામા એકઠા થયા હતા જયાં તેમને છેલ્લા બે માસથી પગાર ન મળ્યો હોઈ નરોડા ઝોનલ ઓફિસ સામે એકઠા થઈ ઉગ્ર દેખાવો અને સૂત્રોચ્ચાર કરી રોષ વ્યકત કરવામા આવ્યો હતો.આ અંગે મળતી માહિતી અનુસાર,એક તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વચ્છ ભારત અભિયાન મિશન હેઠળ વિવિધ પ્રોજેકટ શરૂ કરવામા આવ્યા હોવાની પોકળ જાહેરાતો કરવામા આવી રહી છે ત્યારે બીજી તરફ અમદાવાદ શહેરના ઉત્તરઝોનમાં આવેલી નરોડા ઝોનલ કચેરી સામે આજે સો થી વધુ સફાઈ કામદારો એકઠા થયા હતા.જયાં તેઓને છેલ્લા બે માસથી પગાર ચૂકવવામા ન આવ્યો હોવાના મામલે તંત્ર સામે વિરોધ વ્યકત કરવાના ભાગરૂપે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી તેમના બે માસના બાકી પગારની રકમ તાકીદે ચૂકવી આપવાની ઉગ્ર માગણી કરવાની સાથે તંત્રની બેદરકારી સમક્ષ ઉગ્ર વિરોધ વ્યકત કરવામા આવ્યો હતો.આ સાથે જ જો આગામી સમયની અંદર પગારની રકમ તાકીદે ચૂકવવામા નહી આવે તો આંદોલન કરવાની ફરજ પડશે એવી પણ ચિમકી આપવામા આવી હતી.

# કોંગ્રેસ અને હાર્દિકના જોડાણથી OBC મતો મોટા પ્રમાણમાં ખેંચાવાની ભાજપને આશા

રાજકોટ

રાજયમાં વિધાનસભાની ચૂંટણી પુર્વે જ્ઞાતિ, જાતી આધારીત અવનવા દાવપેચ શરૂ થયા છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના સંયોજક હાર્દિક પટેલ અને કોંગ્રેસ એકબીજાની નજીક આવતા રાજકીય સમીકરણો પર મોટી અસર થવાની શકયતા ડોકાઇ રહી છે. ભાજપના પ્રભુત્વવાળી મનાતી પાટીદાર વોટબેંકને પોતાના તરફ વળવા કોંગ્રેસ હાર્દિકનો સાથ લેવા માંગે છે. બીજી તરફ પાટીદારોને અનામતના મુદ્દે રાજી કરવા જતા કોંગ્રેસની પરંપરાગત વોટબેંક મનાતી બક્ષીપંચની જ્ઞાતિઓ નારાજ થઇ જવાની ભીતિ રહેલી છ.પાટીદારોને અનામતના મુદ્દે કોંગ્રેસ ગોળગોળ વાત કરી રહી છે.

કોંગ્રેસની સરકાર આવે તો પાટીદારોને ઓબીસીમાં સમાવવાની જાહેરાત કરે તો પાટીદારો કદાચ રાજી થાય પણ પોતાના અધિકારમાં ભાગ પડવાના મુદ્દે ઓબીસી વર્ગ કોંગ્રેસ સામે ભડકી શકે છે. ભાજપે આ મુદ્દા તરફ રસ દાખવ્યો છે. જો પાટીદારોને અનામતની ખાતરી ન આપે તો કોંગ્રેસને પાટીદાર મતોનો ધાર્યો લાભ મળી શકે તેમ નથી. આમ ભાજપની જેમ કોંગ્રેસ માટે પણ હવે હાર્દિક ફેકટર પડકારરૂપ થઇ ગયું છે.

ભાજપે પાટીદારોને શકય હતું એટલુ આપી દીધું હવે ઓબીસીમાં સમાવેશ કરવાનું બંધારણીય રીતે શકય નથી તેવું ભાજપે સ્પષ્ટ કરી દીધું છે પણ અનામત આપશે કે નહિ તે મુદ્દે કોંગ્રેસે વલણ સ્પષ્ટ કર્યુ નથી. કોંગ્રેસે પાટીદારોને અનામત આપવાની જાહેરાત કયાં કરી છે? તેવો સવાલ ઉઠાવવાનું ભાજપે શરૂ કરી કોંગ્રેસ અને હાર્દિક પાટીદારોને ગેરમાર્ગે દોરવા પ્રયાસ કરી રહયાનો દેકારો ભાજપે વધાર્યો છે.

જો કોંગ્રેસ અને હાર્દિકનું સતાવાર જોડાણ થાય તો પાટીદાર મતદારોમાં ભાજપ માટે પડનાર સંભવીત ગાબડાને ઓબીસી મતો ખેંચીને સરભર કરી શકાય તેવું ભાજપનું ગણીત છે.

# એશિયા કપ હોકી ટ્રોફી પર ભારતનો ફરીવખત કબજો

એશિયા કપની ફાઈનલમાં ભારતે મલેશિયાને ૨-૧થી હાર આપીને આ ટ્રોફી ઉપર ત્રીજી વખત કબજો જમાવી લીધો હતો. આની સાથે જ એશિયામાં હોકીમાં ભારતનું પ્રભુત્વ અકબંધ રહ્યું છે. ભારત તરફથી રમનદીપસિંહ અને લલિત ઉપાધ્યાયે એક એક ગોલ કર્યા હતા જ્યારે મલેશિયા તરફથી એકમાત્ર ગોલ સહારીલ સબાહ દ્વારા કરવામાં આવ્યો હતો. ભારતે મેચના પ્રથમ હાફમાં જ બંને ગોલ ફટકારી દીધા હતા. મેચના પ્રથમ ક્વાર્ટરમાં જ ત્રીજી મિનિટમાં જ રમનદીપસિંહે ગોલ કરીને ભારતને લીડ અપાવી દીધી હતી. ત્યારબાદ બીજા ક્વાર્ટરમાં લલિત ઉપાધ્યાયે ભારત તરફથી બીજો ગોલ ફટકાર્યો હતો. મલેશિયા તરફથી મેચના ચોથા ક્વાર્ટરમાં સબાહ દ્વારા ગોલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મલેશિયન ટીમ કોઈ ગોલ કરી શકી ન હતી. આની સાથે જ ભારતે ટ્રોફી જીતી લીધી હતી. પ્રથમ તબક્કામાં જ ભારતે પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા. મેચની ત્રીજી મિનિટમાં એસ સુનિલે રમનદીપસિંહને શાનદાર પાસ આપ્યો હતો અને રમનદીપસિંહે કોઈપણ ભુલ કર્યા વગર ગોલમાં ફેરવી નાંખવામાં સફળતા મેળવી હતી. મેચની શરૂઆતમાં જ ગોલ કરીને ભારતીય ટીમ જોરદાર ઉત્સાહમાં આવી ગઈ હતી. મલેશિયા ઉપર દબાણ સતત વધાર્યું હતું. મલેશિયન ટીમને વધારે તક મળી ન હતી. ભારતે શાનદાર રમત છેલ્લે સુધી જારી રાખી હતી. હાફ ટાઈમ બાદ પણ ભારતે સતત અટેક જારી રાખ્યા હતા. ત્રીજા ક્વાર્ટરમાં બંને ટીમો કોઈ ગોલ કરી શકી ન હતી. ક્વાર્ટરમાં મલેશિયન ટીમ ઉપર દબાણ દેખાઈ રહ્યું હતું. ભારતે સમગ્ર એશિયા કપમાં શાનદાર રમત રમીને હરીફ ટીમને મુશ્કેલીમાં મુકી દીધી હતી. પાકિસ્તાન ઉપર પણ જોરદાર જીત ભારતે હાંસલ કરી હતી. એશિયામાં પ્રભુત્વ અકબંધ રહ્યું છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ..............................................

## વિરાટ કોહલી

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

વિરાટ ભારત તરફથી ૯૦૦૦ રન કરનાર છઠ્ઠા બેટ્સમેન તરીકે છે. વિરાટ કોહલીએ ચોગ્ગો ફટકારીને પોતાના અંદાજમાં આ સિદ્ધિ હાસલ કરી હતી. કોહલીથી પહેલા ભારત તરફથી પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ આ સિદ્ધિ મેળવી હતી. સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી, અઝહરુદ્દીન ૯૦૦૦ રનની ક્લબમાં સામેલ છે. આ મેચમાં સદી ફટકારનાર કોહલી દુનિયાના ૧૯માં બેટ્સમેન તરીકે છે જે વનડે ક્રિકેટમાં ૯૦૦૦ રન ક્લબમાં સામેલ છે. એક વર્ષમાં સૌથી વધારે રન બનાવવાના મામલામાં ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પણ વિરાટે પાછળ છોડી દીધો છે. આ અગાઉ સિરીઝની પ્રથમ મેચમાં સદી ફટકારીને કોહલી વનડે ક્રિકેટમાં સૌથી વધારે સદી ફટકારનાર બેટ્સમેનોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો હતો. કોહલી હવે ૩૨ સદી ફટકારી ચુક્યો છે. પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ હવે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં સચિન તેંડુલકર ૪૯ સદી સાથે પ્રથમ સ્થાન ઉપર છે. શાનદાર દેખાવના કારણે વિરાટ કોહલી એક પછી એક સિદ્ધિઓ હાસલ કરી રહ્યો છે. ડિવિલિયર્સે ૨૦૫ ઈનિંગ્સમાં જ્યારે ગા-ંગુલીએ ૨૨૮ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. બ્રાઈન લારા, રિકી પોન્ટિંગ, જેક કાલિસ પણ આ લિસ્ટમાં સામેલ છે. ભારતના પૂર્વ કેપ્ટન અઝહરુદ્દીને ૨૯૪ ઈનિંગ્સમાં અને ૩૨૦મી વનડેમાં ૯૦૦૦ રનની સિદ્ધિ મેળવી હતી જ્યારે સચિને ૨૪૨મી મેચમાં આ સિદ્ધિ મેળવી હતી. ભારતના અનેક ખેલાડી યાદીમાં છે.

# વન-ડેમાં ભૂવી,બુમરાહ તો ટેસ્ટમાં ઉમેશ,શમીની જોડી બેસ્ટ

(જી.એન.એસ) પૂણે

ભારતીય ટીમના બોલિંગ કોચ ભરત અરૂણે સ્પષ્ટ કર્યું છે કે, મોહમ્મદ શમી અને ઉમેશ યાદવ ટેસ્ટ મેચ માટે તેમની પ્રથમ પસંદગી છે જ્યારે ભુવનેશ્વર કુમાર અને જસપ્રીત બૂમરાહ લિમિટેડ ઓવરોની ફોર્મેટ માટે પ્રથમ પસંદગી છે.

શમી અને યાદવ અમારા નંબર એક ટેસ્ટ બોલર છે. ભુવનેશ્વર અને બૂમરાહ બેજોડ છે. તેમની પાસે લિમિટેડ ઓવરની ક્રિકેટમાં સારો દેખાવ કરવા માટે દરેક પ્રકારનું ટેલેન્ટ છે. ભારત જેટલું વધારે ક્રિકેટ રમી રહ્યું છે તેને જોતા, એ ઘણું જરૂરી છે કે, અમારી પાસે બોલરોનું જૂથ હોય, જેથી અમે જે પણ મેચ રમીએ તેમાં તેઓ તરોતાજા થઈને ઉતરે. ભરત અરૂણે કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે, બોલર ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં રમે. મોહમ્મદ શમી અને ઉમેશ યાદવ ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં રમી રહ્યાં છે, અને શમી બંગાળ તરફથી ઘણો સારો દેખાવ કરી રહ્યો છે.

તેમણે એમ પણ કહ્યું કે, ઘણી વધારે બોલિંગ અને ઘણી ઓછી બોલિંગ બોલરા માટે સારું નથી. એટલા માટે એ ખાતરી કરવાની જરૂર છે કે, તે પર્યાપ્ત બોલિંગ કરે અને પર્યાપ્ત મેચ રમે. જેથી જ્યારે તેમની જરૂર પડે તો ફિટ રહે. યુવા સ્પિનરો કુલદીપ યાદવ અને યજૂવેન્દ્ર ચહલની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, યજૂવેન્દ્ર ચહલ અને કુલદીપ યાદવે સારો દેખાવ કર્યો છે. વિશ્વ કપની ટીમની પસંદતી કરતા પહેલા અમે તેમને સારી રીતે પાખવવા ઈચ્છીએ છીએ. અત્યાર સુધી તેમનો દેખાવ બેજોડ રહ્યો

## આઈપીએલ-૧૧ ચાર એપ્રિલથી શરુ થશે, ફાઈનલ મેચ ૩૧મેએ રમાશે

(જી.એન.એસ) મુંબઈ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સિઝનની તૈયારી શરૂ કરી દીધી છે. ૨૪ ઓક્ટોબરે દિલ્હીમાં આઈપીએલની ગવર્નિંગ કાઉન્સિલ અને આઈપીએલ ચેરમેન રાજીવ શુકલા સહિત કેટલાક અધિકારીઓ દ્વારા એક બેઠક કરવામાં આવી હતી જેમાં આઈપીએલ-૧૧ને લઈ કેટલાક મોટા નિર્ણય લેવામાં આવ્યા હતા. સુત્રો અનુસાર આઈપીએલની આગામી સિઝન ૪ એપ્રિલથી શરૂ થશે અને તેનો ફાઈનલ મુકાબલો ૩૧ મે, ૨૦૧૮માં રમાશે.

આઈપીએલ-૧૧માં ચેન્નાઈ સુપરકિંગ્સ તેમજ રાજસ્થાન રોયલ્સની વાપસી થશે. જો કે રાજસ્થાને પોતાની ટીમનું નામ બદલવાનો વિચાર કર્યો છે. રાજસ્થાન રોયલ્સ નામમાંથી રાજસ્થાનને હટાવી લેવામાં માંગે છે. જો આવુ થયુ તો આ ટીમ માત્ર રોયલ્સના નામથી જ ઓળખાશે.

બે વર્ષ પહેલા ૨૦૧૫માં ફિક્સિંગના આરોપોમાં શામેલ હોવાને કારણે ઝજીદ્ભ અને ઈઈ પર બે વર્ષનો પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો, જે આ વર્ષે પૂર્ણ થઈ ગયો છે. ચેન્નાઈ અને રાજસ્થાનની ગેરહાજરીમાં ગુજરાત લાયન્સ અને રાઈઝિંગ પૂણે સુપરજાયન્ટ રમતા જોવા મળ્યા હતા.

સાથે જ બોર્ડ દ્વારા દર એક ટીમની ફ્રેન્ચાઈઝીને દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે કે તે આગામી આઈપીએલ ઓક્શન પહેલા પોત પોતાની ટીમના કોઈ પણ ત્રણ ખેલાડીઓને રિટેન કરી શકે છે. આ ત્રણ ખેલાડીઓમાં બે ખેલાડી વિદેશી અને એક ખેલાડી દેશી હશે. મહત્વપૂર્ણ છે કે આઈપીએલ ૨૦૧૮ને લઈ તમામ અંતિમ અને નિર્ણાયક નિર્ણય ૧૪ નવેમ્બરે લેવામાં આવશે.

## ટીમ સ્પીરીટ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

ભારતીય ટેસ્ટ ખેલાડીઓ માટે ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થનાર છે.

ટેસ્ટ ટીમ : વિરાટ કોહલી (કેપ્ટન), કુલદીપ યાદવ, અશ્વીન, રવિન્દ્ર જાડેજા, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ સમી, ચેતેસ્વર પુજારા, રહાણે, કેએલ રાહુલ, રિદ્ધીમાન સહા (વિકેટકિપર), ઈશાંત શર્મા, શિખર ધવન, ઉમેશ યાદવ, મુરલી વિજય અને હાર્દિક પંડ્યા

ભારતીય ટ્વેન્ટી ટીમ : વિરાટ કોહલી ( કેપ્ટન ), શિખર ધવન, રોહિત શર્મા, લોકેશ રાહુલ, મનીષ પાન્ડે, શ્રેયસ અય્યર, દિનેશ કાર્તિક, મહેન્દ્ર સિંહ ધોની, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, જશપ્રિત બુમરાહ, ભુવનેશ્વર કુમાર, આશીસ નહેરા, મોહમ્મદ સિરાઝ

## ટર્નીંગ પોઈન્ટ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

૧૯૯૮માં કેલેન્ડર વર્ષે ડબલ્સ ગ્રાન્ડસ્લેમની સિદ્ધિ મેળવી હતી. સાત ગ્રાન્ડસ્લેમ મિક્સ્ડ ડબલ્સ ટાઈટલ જીત્યા છે. એકંદરે ૨૫ મોટી સ્પર્ધાઓ જીતી છે. ઓલિમ્પિક સિલ્વર મેડલ જીતવામાં પણ તે સફળ રહી છે. ૧૯૯૦ના દશકમાં સિંગલ્સમાં માર્ટિના હિંગિસે અનેક રેકોર્ડ પોતાના નામ ઉપર કર્યા હતા જેમાં સૌથી નાની વયે ગ્રાન્ડસ્લેમ જીતનાર ખેલાડી બની હતી. ત્યારબાદ સૌથી નાની વયમાં પ્રથમ ક્રમાંક ઉપર પહોંચી જનાર ખેલાડી બની હતી. ૨૦૦૨માં પ્રોફેશનલ ટેનિસમાંથી ઈજા અને અન્ય કારણોસર ખસી ગઈ હતી. માત્ર ૨૨ વર્ષની વયમાં ૪૦ સિંગલ્સ ટાઈટલ અને ૨૬ ડબલ્સ ટાઈટલ જીતી ગઈ હતી. વર્ષ ૧૯૯૭થી ૨૦૦૧ના ગાળા દરમિયન સતત પાંચ વર્ષ સુધી વિશ્વમાં સૌથી વધુ નાણા મેળવતી એથલિટ તરીકે માર્ટિના હિંગિંસને જાહેર કરવામાં આવી હતી. ૨૦૦૬માં વાપસી કર્યા બાદ હિંગિંસે ત્રણ સિંગલ્સ ટાઈટલ જીત્યા હતા. નવેમ્બર ૨૦૦૭માં ફરી તે નિવૃત્ત થઈ ગઈ હતી. જુલાઈ ૨૦૧૩માં હિંગિંસ રિટાયર્ટમેન્ટને પરત ખેંચીને ફરી પ્રવેશી હતી અને ડબલ્સમાં એન્ટ્રી કરી ગઈ હતી. સાનિયા મિરઝાની સાથે મળીને હિંગિંસે ત્રણ સતત ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા ડબલ્સમાં જીતી હતી. ત્યારબાદ પણ તેની જીતનો સિલસિલો જારી રહ્યો હતો.

માર્ટિના હિંગિસ પ્રોફાઈલ

(સંપૂર્ણ સમાચાર સેવા) સિંગાપોર, તા. ૨૭

| | |
|---|---|
| નામ : | માર્ટિના હિંગિસ |
| નિવાસસ્થાન : | સ્વિત્ઝર્લેન્ડ |
| જન્મતારીખ : | ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૦ |
| હાઈટ : | ૫ ફૂટ, ૭ ઈંચ |
| ટેનિસમાં પ્રવેશ : | ૧૯૯૪માં |
| પ્રાઈઝમની : | ૨૪૬૭૦૩૨૪ ડોલર |
| કેરિયર રેકોર્ડ : | ૫૪૮-૧૩૫ |
| કેરિયર ટાઈટલ : | ૪૩ ડબલ્યુટીએ |
| હાઈએસ્ટ રેંકિંગ : | નંબર વન |
| ગ્રાન્ડસ્લેમ : | ઓસ્ટ્રેલિયન ઓપન (ત્રણ વખત) |
| | ફ્રેન્ચ ઓપન (બે વખત ફાઈનલ) |
| | વિમ્બલ્ડન (એક વખત વિજેતા) |
| | યુએસ ઓપન (એક વખત વિજેતા) |
| ડબલ્સ ટાઈટલ : | ૧૩ (મહિલા ગ્રાન્ડસ્લેમ) |
| મિક્સ્ડ ડબલ્સ : | ૭ (ગ્રાન્ડસ્લેમ) |

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૩૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૩૯૭૦૦
સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૯૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૧૧૦૦
ભીંડા ૪૦૦-૭૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

